
# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'A' grade

सत्यम् ज्ञानम् अनन्तम्



# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

For Private Circulation Only

Vol. 12, Issue. 215, April 2021


યુનિવર્સિટી શિક્ષણનો ઉદ્દેશ શું છે ? સારું શિક્ષણ એને કહેવાય જે વિદ્યાર્થીની સામે એક પ્રશ્ન મૂકે. "મનુષ્ય બનવું એટલે શું ?" પોતાની મહત્વાકાંક્ષાઓ અને સામાન્ય જરૂરિયાતોના સંદર્ભમાં વ્યકિતની સામે આવો પ્રશ્ન ઉઠવો જોઈએ. વ્યકિતને ખ્યાલ આવશે કે, જવાબ સરળ નથી. દરેકે પોતાની જાતને પ્રશ્ન કરવો જોઈએ કે "સારા જીવનનો અર્થ શો છે ? વાસ્તવમાં જીવનનો પોતાનો કોઈ હેતુ નથી. તમારે તેને હેતુ આપવાનો છે.

– નરેન્દ્ર મોદી

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

આપણા વીર કવિ નર્મદને મારા શત શત પ્રણામ.

ગુજરાત રાજયના સ્થાપના દિવસે આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ. 'જય જય ગરવી ગુજરાત'.

સ્થાપનાના પ્રારંભથી પ્રારંભ કરી સુવર્ણજયંતીના પથ પર વિહરતાં વિહરતાં જવલંત સિધ્ધિઓને વરેલી યુનિવર્સિટીના મારા પુરોગામીઓનું અત્રે સ્મરણ કરતાં ધન્યતાની લાગણી અનુભવું છું અને આભાર માનું છું.

ગુજરાત રાજયની સ્થાપના દિન ૧લી મે ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદે બિરાજમાન થતા સ્વયંને ભાગ્યશાળી માનું છું.

**'सत्यम, ज्ञानम, अनन्तम'**ના ધ્યેયમંત્રને આત્મસાત કરી ચૂકેલી આપણી યુનિવર્સિટી સમક્ષ અનેક પડકારો છે. આ પડકારોને પહોંચી વળવા માટે યુનિવર્સિટીના હિત સાથે જોડાયેલ સૌકોઈએ અગાધ પ્રયાસો કરવા પડશે. યુનિવર્સિટીનો સર્વાંગી વિકાસ કરવો એ આપણી સામુહિક અને નૈતિક જવાબદારી બને છે. મને આપ સૌ પર સંપૂર્ણ શ્રધ્ધા અને આશા છે કે યુનિવર્સિટીનાં મૂળભૂત કાર્યો પૈકી 'અધ્યાપન, સંશોધન અને પ્રકાશન'ને વેગવંતા કરવા માટે આપનો સહકાર સાંપડશે.

સરસ્વતીનું ધામ એવા આપણા વિશ્વવિદ્યાલયમાં વિદ્યાર્થી, વિદ્યા, અધ્યાપકો અને સમાજને પ્રાધાન્યતા આપવામાં આવશે. વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓ વધુમાં વધુ થાય એવા પ્રયાસો સાથે વિદ્યાર્થીહિતને સર્વોપરીતા આપવામાં આવશે. વેપાર–ઉદ્યોગમાં અગ્રણી એવું સુરત હવે અધ્યાપકો અને સમાજના સહકાર સાથે શિક્ષણક્ષેત્રમાં પણ રાષ્ટ્રીય ફલક પર 'સુરત' પ્રતિષ્ઠા પામે એવા સહિયારા પ્રયાસો આદરવામાં આવશે.

યુનિવર્સિટીની વહીવટી પ્રણાલીને વધુ સુદઢ કરવામાં આવશે. કર્મચારીઓ–ચાવીરૂપ જગ્યાઓની અને અધ્યાપકોની જગ્યાઓને ભરવા માટેના પ્રયાસોને વેગીલા કરવામાં આવશે. પર્યાવરણ માટે યુનિવર્સિટી પરિસરના 'કુદરતી સૌંદર્ય' પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. પ્રવેશ અને પરીક્ષા–પરિણામો માટે વિશેષ વ્યવસ્થાનું આયોજન કરવામાં આવશે.

યુનિવર્સિટીના સર્વાંગી વિકાસ માટે વિદ્યાર્થી, કોલેજો અને શ્રેષ્ઠીઓ સાથે સંવાદનો સેતુ બાંધવામાં આવશે. લોકસાહિત્ય ધબકતું રહે એ માટે વિવિધ સામાજિક સંસ્થાઓને યુનિવર્સિટી સાથે જોડીને રોજેરોજના ઓનલાઈન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. સંશોધનકાર્યમાં ગુણવત્તા લાવવા માટે પણ વિશેષ પ્રયાસોનું આયોજન કરવામાં આવશે.

ભવિષ્યમાં 'નેક' મૂલ્યાંકનના સંદર્ભમાં આપણે તૈયારીઓ આરંભી દીધી છે અને આપણી ઉચ્ચ ગુણવત્તામાં સુધારો થાય તે માટે વધુ પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

'કોરોના' વૈશ્વિક મહામારીએ આપણી શૈક્ષણિક અને સમાજ વ્યવસ્થાને અપાર નુકશાન કર્યુ છે. શિક્ષણવ્યવસ્થાને પુનઃ પ્રસ્થાપિત કરવાની મથામણ ચાલી રહી છે. જેમાં યુનિવર્સિટીનાં વિવિધ સત્તામંડળોનો સહકાર અવશ્ય સાંપડશે.

વીર કવિ નર્મદના 'જોસ્સો'ને યુનિવર્સિટીના વિકાસ માટે આપણે સહુ આત્મસાત કરીએ.

**ॐ सहनाववतु । सहनौ भुनक्तु ।**
**सहवीर्यं करवावहे ।**
**तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ।**
**ॐ शान्तिः शान्तिः शान्तिः ॥**

**(हे परमात्मा ! आप हम दोनों गुरु और शिष्यकी साथ-साथ रक्षा करे. हम दोनों का पालन-पोषण करे, हम दोनों साथ-साथ शकित प्राप्त करे. हमारी प्राप्त की हुइ विद्या तेजप्रद हो. हम परस्पर द्वेष न करें, परस्पर स्नेह करें.)**

તા. ૧ મે, ૨૦૨૧

(ડૉ. કિશોરસિંહ ચાવડા)
કુલપતિ

## યુનિવર્સિટી ન્યૂઝ

### કુલપતિ: નિમણૂંક










Government of Gujarat, Education Department Vide its notification No. GH/SH/08/ 1305/1754/KH-2, Dated 30th April 2021 અનુસાર પ્રિ. (ડૉ.) કિશોરસિંહ ચાવડાની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિ તરીકે નિમણૂંક કરેલ છે.

તા. ૧–૫–૨૦૨૧ના રોજ નવનિયુક્ત કુલપતિશ્રી પ્રિ. (ડૉ.) કિશોરસિંહ ચાવડાએ કાર્યકારી કુલસચિવશ્રી એ.વી. ધડૂકની ઉપસ્થિતિમાં પદભાર સંભાળ્યો હતો. કાર્યકારી કુલપતિશ્રી પ્રિ. (ડૉ.) હેમાલીબેન દેસાઈ અને કાર્યકારી કુલસચિવશ્રી એ.વી.ધડૂકે શુભકામનાઓ પાઠવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, કાર્યકારી કુલપતિશ્રી પ્રિ. (ડૉ.) હેમાલીબેન દેસાઈએ વિદ્યાર્થીઓના હિતમાં મહત્તમ કાર્યો કર્યા હતા.

## માન. કુલપતિશ્રી : પરિચય



માન.કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ ચાવડાની હાયર સેકન્ડરી સ્કૂલના ટીચરથી પ્રારંભ કરીને કોલેજના અધ્યાપક–આચાર્ય સુધીના વિદ્યાકીય સફર યશસ્વી રહી છે.

જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોલેજ, અમરોલીમાં વર્ષ ૨૦૦૫થી આચાર્યશ્રી તરીકેની યશસ્વી કારકિર્દી ધરાવે છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદના સ્ટડી સેન્ટર–૧૯૨૮ના વડા તરીકે પણ આપશ્રી કાર્યરત હતા. Idees : International Multidisciplinary Research Journal ના Editor-in-Chief, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત Board Studies (Accountancy including Costing) ના ચેરમેન, કોમર્સ વિદ્યાશાખાના Other-than-Dean, સેનેટ સભ્ય, તેમજ યુનિવર્સિટીના વિવિધ સત્તામંડળોમાં આપ કાર્ય કરી ચૂકયા છો. Indian Accounting Association ની દક્ષિણ ગુજરાત શાખાના સ્થાપક પ્રમુખ, યુનિવર્સિટી વિસ્તારની સંલગ્ન કોલેજોના એસોસિએશનના સેક્રેટરી, Department of Research Study Committeeના સભ્ય,યુનિવર્સિટીના Study Circle of Lecturers in Accoutancy, Commerce and Managementના પ્રમુખ, Self Financed School Fee Regulation Committee, Surat Zoneના સભ્ય અને અનેકવિધ સામાજિક સંસ્થાઓના સભ્ય તરીકે ઉમદા સેવાઓ આપ બજાવી ચૂકયા છો. 'નેક' મૂલ્યાંકન સમિતિના સભ્ય પણ આપ રહી ચૂકયા છે.

આપશ્રી અનેક એવોર્ડથી વિભૂષિત છો. જેમાં Lifetime Education Achievement Award for Outstanding Achievements and Remarkable Role in the Field of Education by National and International Compendium, New Delhi ; Best Paper Award for the Paper entitled Initiative Action Plan taken by GAIL as PSU of Petroleum Industry of India; Appreciation Certificate from the President of South Gujarat Consumer Protection Education and Research Centre, Surat for organizing Capacity Building Workshop in Consumer Protection and Consumer Welfare for Co-ordinating of Consumer Clubs; Certificate of Appreciation by Lions Clud of Surat-North for

his Contribution to the field of Education; Shiksha Bharati Puraskar; Certificate of Appreciation in Recognition of the Services Rendered in Co-ordinating the Vaanche Gujarat Program નો સમાવેશ થાય છે.

આપશ્રીએ Minor Research Project પણ પ્રસ્તુત કરેલ છે. વિવિધ પ્રકારની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ, સેમિનાર વગેરેનું આયોજન કરેલ છે. 'કોરાના' વૈશ્વિક મહામારીમાં પણ પોતાની વિદ્યાપ્રવૃત્તિને પણ પ્રજ્વલિત રાખતાં અનેક વિષયોના ૫૨ બાવન જેટલા વેબિનારોનું આયોજન કોલેજ કક્ષાએ સંપન્ન કરેલ છે અને અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓને વિદ્યાકીય પ્રવૃત્તિઓમાં જીવંત રાખ્યા છે. ઓરિએન્ટેશન અને રિફ્રેશર કોર્ષમાં પણ શૈક્ષણિક પાસાંઓને ઉજાગર કરેલ છે. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને સંસ્થાઓમાં વી.સી.નોમીની તરીકે ૫૪ વખત અને ૪૦ વખત Subject Expert તરીકે પણ આપશ્રીએ કુશળતાનો ઉપયોગ કર્યો છે.

આપના વિદ્વત માર્ગદર્શનમાં ૧૧ વિદ્યાર્થીઓએ પીએચ.ડી. અને ૭ વિદ્યાર્થીઓએ એમ.ફિલ.ની ડિગ્રી મેળવેલ છે. આપના આ તેજસ્વી વિદ્યાર્થીઓ આજે ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં શિક્ષણની સુવાસ ફેલાવી રહયા છે.

આપની પ્રકાશનયાત્રામાં ૨૮ ગ્રંથો, ૧૫ શોધલેખો પ્રકાશિત થયેલ છે. ૩૩ શોધપત્રોનું પ્રેઝન્ટેશન, આપશ્રીએ કોન્ફરન્સ, વર્કશોપ અને સેમિનારમાં ૭૧ વખત પ્રતિનિધિત્વ કર્યુ છે. જે આપની વિદ્યાપ્રીતિની સાક્ષી પૂરે છે.

વિદ્યાકીય વ્યવસાયિક પ્રવૃત્તિઓની અતિ વ્યસ્તતા વચ્ચે પણ આપની સામાજિક ભૂમિકા પણ અત્યંત સરાહનીય રહી છે. જેમાં વીર નર્મદ કિડની ફાઉન્ડેશનના સભ્ય, Earn While Lurn Schemeના સ્થાપક, બ્લડ ડોનેશન કેમ્પનાં આયોજન, સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતીના વિવિધ પ્રકારના સામાજિક કાર્યક્રમો,સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરની બ્લડ ડોનેશન કમિટિમાં નિયુકિત,એન.એસ.એસ.ની સામાજિક સેવાઓમાં સક્રિય ભાગીદારી, એન.એસ.એસ.ની વિવિધ કમિટિઓમાં સભ્ય, ચૂંટણી પંચની રાષ્ટ્રીય ફરજ, ડ્રાઈવીગ લાયસંસ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ કેમ્પેઈનની કામગીરીમાં આપની ઉત્સાહસભર ભૂમિકા રહી છે અને લાયન કલબ ઓફ સુરતના ચાર્ટર પ્રેસિડેન્ટ પણ આપશ્રી રહી ચૂકયા છો. આપની કોલેજકાળની ફરજ દરમ્યાન ૨૧ જેટલી વિવિધ સંસ્થાઓમાં શૈક્ષણિક સહકાર માટેના MoU પણ કર્યા છે, જે આપની કોલેજના વડા તરીકેની વહીવટી કુશળતા પૂરવાર કરે છે.

આપશ્રી Indian Commerce Association; Indian Accounting Association; Gujarat state College Principal Association અને Association of Indian College Principalsનું આજીવન સભ્યપદ ધરાવો છે.

આપશ્રી એકાઉન્ટન્સી વિષયના વિદ્વાન અધ્યાપક તરીકે ખ્યાતિપ્રાપ્ત છો. આપની રાહબરી હેઠળ માતૃસંસ્થા કોલેજે સુરત શહેરમાં આગવી ઓળખ ઊભી કરી છે. કોલેજમાં વિવિધ પ્રકારની શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થકી અધ્યાપકોને અને વિદ્યાર્થીઓ સાથે હંમેશાં સંલગ્ન રાખીને કોલેજમાં એક અલગ પ્રકારનું શૈક્ષણિક અને સાંસ્કૃતિક પર્યાવરણ ઊભું કર્યુ છે. જેમાં આપનો વિદ્યાકીય પુરુષાર્થ દષ્ટિગોચર થાય છે. હાયર સેકન્ડરી સ્કૂલના ટીચરથી વિદ્યાકીય કારકિર્દીનો પ્રારંભ કરીને કોલેજના આચાર્ય સુધીની સફર પ્રચંડ પુરુષાર્થ વિના સંભવ નથી, સફર અકલ્પનીય છે અદ્વિતીય છે. આ સિધ્ધિ ત્યારે જ પ્રાપ્ત થાય છે જયારે વ્યકિત પોતાનો આત્મા કાર્યોમાં ઓતપ્રોત કરે છે.


કેળવણીકાર અને પ્રસિધ્ધ સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોશી કહે છે કે, "વિશ્વવિદ્યાલયનો કેન્દ્રપુરુષ–કુલપતિ કોઈ મંત્ર આપનાર ધર્મપુરુષ ન હોય તો પણ વિદ્યાપુરુષ તો હોવો જ જોઈએ."

આ પ્રદેશના વતની એવા ડૉ.કિશોરસિંહ ચાવડા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સર્વોચ્ચ સ્થાને બિરાજે છે તેમાં યુનિવર્સિટીની શોભા છે. એક પ્રતિભાસંપન્ન, ઉત્સાહી, સૌને આદરથી વશીભૂત કરતા, કર્મઠ અને સરળ વ્યકિતત્વ ધરાવતા 'વિદ્યાપુરુષ' આજે કુલપતિ પદ સ્વીકારે છે તેમાં આપણા સૌનું ગૌરવ સમાયેલું છે, આપની પ્રતિભામાં યુનિવર્સિટીના વિકાસનું પ્રતિબિંબ ઝીલાય છે.

ઉચ્ચશિક્ષણના વહીવટના પડકારોથી વાકેફ એવા આપણા કુલપતિશ્રી કુલપતિપદની ગરિમાને ઊંચાઈએ લઈ જશે એમાં કોઈ શંકા નથી. વિદ્યાપ્રીતિથી ઓતપ્રોત આપનું વ્યકિતત્વ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને 'જ્ઞાનવિશ્વ'માં એકબીજાના પૂરક બનાવવામાં કડીરૂપ ભૂમિકા ભજવશે.

વીર કવિ નર્મદનો 'જોસ્સો' ધરાવતા એક સફળ વિદ્યાપુરુષનો પ્રવેશ યુનિવર્સિટીમાં થયો છે. એક નવા યુગના મંડાણ થયાં છે. આપણે સૌ સાહેબશ્રીને હૃદયથી વધાવીએ,સ્વીકારીએ. આપણી યુનિવર્સિટીના વિકાસ માટે સાહેબશ્રીએ સેવેલા સ્વપ્નને પૂર્ણ કરવા માટે આપણી ફરજને પવિત્ર માનીને તેમની સાથે મંડી પડીએ. કવિ નર્મદના શબ્દો "યા હોમ કરીને પડો, ફતેહ છે આગે." ને સાર્થક કરીએ.

## આંતરરાષ્ટ્રીય વેબિનાર




યુનિવર્સિટીના ફિઝિકસ અનુસ્નાતક વિભાગના પ્રોફે.એન્ડ હેડ શ્રી (ડો.) કે.સી.પોરીયાએ (૧) 'સ્મોલ સ્ટ્રકચર

પ્રેઝેન્ટઃ નેનો મટીરીયલ્સ ફોર નેકસ્ટ જનરેશન ટેકનોલોજી તથા (૨) કેરેકટરાઈઝીગ માઈક્રો એન્ડ નેનો પ્લાસ્ટીકસ ઈન વોટર અને 'ટીસ્યૂ' વિષય પર યોજાયેલ આંતરરાષ્ટ્રીય વેબિનાર્સમાં ભાગ લીધો હતો. આ વેબિનાર્સનું આયોજન વિશ્વપ્રસિધ્ધ પ્રકાશનગૃહ 'Wiley' અને 'ઝેઈસ' માઈકોસ્કોપ દ્વારા કરવામાં આવ્યું હતું.

નેનો સાયન્સ અને નેનો–ટેકનોલોજી વિષયમાં વિશ્વભરમાં થતાં સંશોધન અંગેનાં શોધપત્રોની પ્રકાશન પ્રવૃત્તિમાં વિશ્વકક્ષાએ મોખરાનું સ્થાન ધરાવતું 'Wiley' દ્વારા પ્રસિધ્ધ થતાં જર્નલો છે. હાલમાં જ આ વિષયના પ્રસિધ્ધ જર્નલને ૧૫ વર્ષ પૂરા થતાં 'Wiley' દ્વારા અન્ય એક નવું જર્નલ "સ્મોલ સ્ટ્રકચર્સ" નો પ્રારંભ કરવામાં આવેલ છે અને તેને ધ્યાને લઈ આ વેબિનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે આ જર્નલનાં માર્ગદર્શક મંડળના વિશ્વ પ્રસિધ્ધ ત્રણ વૈજ્ઞાનિકો દ્વારા વિદ્વત વ્યાખ્યાન પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. જેમાં યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ, અમેરીકાના ડૉ. લાયનંગબીગ હ્યુ દ્વારા વિવિધ પ્રકારના લાકડામાં રહેલાં નાના બંધારણો અને તેની ટેકનોલોજી પર વિશેષ જ્ઞાન પીરસ્યું હતું. ત્યારબાદ જર્મનીના મેક પ્લાન્ક ઈન્સ્ટીટયુટ ફોર પોલીમર રિસર્ચના ડૉ. પાઉલ બ્લોમ દ્વારા એક લેયર ધરાવતા ઓર્ગેનીક એલ.ઈ.ડી. ના ઉપયોગથી થર્મલી–એકટીવેટેડ ફલોરેન્સ પ્રકાશનાં ઉત્પાદન અંગે પ્રકાશ પાડયો હતો. અને નેધરલેન્ડની ગ્રોનીનગન યુનિવર્સિટીના પ્રો. મારીયા એટોનીઈએટા દ્વારા લેડ આધારીત પેરોવસ્કાળથી આગળ વધીને ઉત્પાદિત થતા મટીરીયલ્સમાં રહેલી તકો અને ચેલેન્જીસ અંગે સુંદર વ્યાખ્યાન આપ્યાં હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન 'Wiley' ના એડીટર ડૉ.મારકો સ્કયુલાકીએ કર્યુ હતું.

દ્વિતીય વેબિનાર 'ઝેઈસ' માઈક્રોસ્કોપી દ્વારા યોજવામાં આવેલ હતો અને તેનું પ્રસારણ નેચર રિસર્ચ દ્વારા કરવામાં આવ્યું હતું. આપણે જાણીએ છીએ કે પ્લાસ્ટીકનો વધારે પડતો ઉપયોગ વાતાવરણમાં પ્રદૂષણ સતત વધારતું રહે છે, અને તેની વ્યાપક અસરો વિષે સતત ચર્ચાઓ થતી રહે છે. બર્લીનની ફ્રી યુનિવર્સિટીના પ્રો. સીલ્કે કીસ્થીયસેન દ્વારા ખૂલ્લા સમુદ્રમાં, સામૂહીક ઘટકોમાં, તળાવોના પાણીમાં, માનવ વપરાશના પીવાના પાણીમાં તથા માનવીય ખોરાકીય તત્વોમાં પ્રદૂષણમાં મળતાં પ્લાસ્ટીકનાં 5 m.m. થી નાના કણો જેને માઈક્રો પ્લાસ્ટીક અને 1 m.m થી નાના કણોને નેનો પ્લાસ્ટીક કહેવામાં આવે છે. તે માનવજાતને વ્યાપક નુકશાન પહોંચાડી શકે તેમ છે. સામાન્યતઃ અંદાજે 5.25 ટ્રીલીયન કણો કે જેમનું વજન ૨.૫ લાખ ટન થાય તેટલું પ્લાસ્ટીક સમુદ્રની સપાટી પર તરી રહ્યુ છે. જેમાંથી ૮૦% જમીન પર સીધુ જ સમુદ્રમાં ઠલવાય છે. આ પ્લાસ્ટીકના કણોના અભ્યાસ માટે જુદી જુદી માઈક્રોસ્કોપીનાં જોડાણ આવશ્યક બન્યા છે અને આ પ્રકારના કણોના અભ્યાસ માટે ઈલેકટ્રોન સાયન ક્ષ–કિરણો અને વિવિધ પ્રોલ માઈક્રોસ્કોપી રાખતા આઈ.આર.એ.માસ સ્પેકટ્રોસ્કોપીનો વ્યાપક ઉપયોગ થાય છે. આ અભ્યાસોથી આપણને જીવ જગત અને માનવજાત પર થનાર વ્યાપક અસરોનો આછો ખ્યાલ આવી શકે છે. આવા સૂક્ષ્માતિત કણો દ્વારા રચાતાં મેટ્રીકસના નમૂનાઓ તૈયારી ખાસ તકેદારી માંગી લે છે. આ પ્રકારના અભ્યાસથી અને મલ્ટી મોડેલ એનાલીસીસથી આપણે આ કણોની લાક્ષણિકતાઓ જાણી શકીએ છીએ અને તેના પરથી આ પ્રકારના કણોની પ્રાણીઓ અને માનવનાં સ્નાયુઓ પર થતી અસરો જાણી શકાય તેમ છે. જે નજીકના ભવિષ્યમાં એક રોગનું સ્વરૂપ ધારણ કરી શકે તેમ છે.

## યુનિવર્સિટી ગ્રંથાલય

### ગ્રંથ પ્રદર્શન

ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે યુનિવર્સિટી ગ્રંથાલયમાં તા.૧૫–૪–૨૦૨૧ થી ૨૩–૪–૨૦૨૧ દરમ્યાન ડૉ. બાબાસાહેબ આંબેડકર સાહિત્યનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.








## કોલેજ ન્યૂઝ

### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### નાટય સ્પર્ધા અને કુલ ૬ વિભાગઃ ગૌરવ





ગુજરાત રાજય સંગીત નાટય અકાદમી દ્વારા આયોજીત એકાંકી નાટય સ્પર્ધા ૨૦૨૦–૨૧માં ભવન્સ કોલેજ, અમદાવાદ ખાતે તા. ૧૫, ૧૬, અને ૧૭–૦૩–૨૦૨૧ દરમ્યાન જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલીએ ભાગ લીધો હતો અને 'મેં ગંદેવીનો ગલો' નાટક ભજવ્યું હતું. 'મેં ગંદેવીનો ગલો' નાટક દક્ષિણ ગુજરાતના 'ઘેરૈયા લોકનૃત્યને' અને આદિવાસી સંસ્કૃતિને પ્રગટ કરે છે. ગુજરાત રાજય સંગીત નાટય અકાદમી દ્વારા 'મેં ગંદેવીનો ગલો' નાટક અને કુલ ૬ વિભાગમાં ગુજરાત રાજયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. દક્ષિણ ગુજરાતની સંસ્કૃતિને પ્રગટ કરતું સુરતી બોલીમાં લખાયેલું આ દ્વિઅંકી નાટક છે.

'મેં ગંદેવીનો ગલો' નાટક અંગે લેખક સતીશ વ્યાસે જણાવ્યું હતું કે, "ગુજરાતી નાટય સાહિત્યનો પ્રથમ આદિવાસી નાયક આ નાટકમાં રજૂ થાય છે. દક્ષિણ ગુજરાતની સંસ્કૃતિને પ્રગટ કરતું સુરતી બોલીમાં લખાયેલું આ દ્વિઅંકી નાટક છે. નાટકમાં આવતાં 'ગણદેવી' નો લોકશકિત સાથે સંબંધ છે. ગણ એટલે લોક અને દેવી એટલે શકિત." જે દક્ષિણ ગુજરાતના ઘેરૈયા લોકનૃત્યને અને આદિવાસી સંસ્કૃતિને પ્રગટ કરશે.

'મેં ગંદેવીનો ગલો' નાટકનું દિગ્દર્શન જાણીતા નાટયકાર સ્વ. જયોતિ વૈદ્યના દીકરી પ્રા. સોનલ વૈદ્ય (કુલકર્ણી) કર્યુ છે. આ નાટકમાં ૧૦ કલાકારો છે. જેમાં કાંતિલાલ શેઠ (પ્રશાંત), રેવતી (નિમિતા), ગલો (મીત), સવલો (હર્ષ), સવલી (બિનીતા), અબ્દુલ (નિરવ), રહેમાન (સાગર), કાસમ ચાચા (વૃશિલ), બેવડો (યશ), શેખ (સૈફી)નું પાત્ર ભજવ્યું છે. તેમજ સહાયક કલાકાર તરીકે શીનુ, રાજ અને વિપુલ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શ્રેષ્ઠ નિર્દેશક તરીકે શ્રી પ્રા. સોનલ વૈદ્ય (કુલકર્ણી), શ્રેષ્ઠ લેખક સતીશ વ્યાસ, શ્રેષ્ઠ પુરૂષ કલાકાર મીત મોરડીયા અને પ્રશાંત ત્રિવેદીએ પ્રથમ ક્રમાંકે તેમજ શ્રેષ્ઠ દશ્ય પરિરચના અને શ્રેષ્ઠ નાટક માટે આમ અલગ અલગ કુલ ૬ વિભાગમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. ' મેં ગંદેવીનો ગલો' નાટકની જવલંત સફળતા માટે પ્રા. સોનલ વૈદ્ય (કુલકર્ણી) અને તેમની સમગ્ર ટીમને જીવન જયોત ટ્રસ્ટલ–અમરોલી, આચાર્યશ્રી ડૉ.કે.એન. ચાવડા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

### ઝિંજીયાંગ પ્રાંતમાં ઉઈગરો વિરૂઘ્ધ ચીનની નીતિ : નેશનલ વેબિનાર

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી તેમજ જમ્મૂ કાશ્મીર અધ્યયન કેન્દ્ર દ્વારા તા. ૧૮ ઓકટોબર, ૨૦૨૦ના રોજ "ઝિંજીયાંગ પ્રાંતમાં ઉઈગરો વિરૂઘ્ધ ચીનની નીતિ" વિષય અંતર્ગત Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book અને Instagram ના માઘ્યમથી ૨૯માં નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. જેમાં સેન્ટર ફોર ઈનર એશિયન સ્ટડી અને જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી નવી દિલ્લીના સિનિયર પ્રાધ્યાપક ડૉ. મહેશ રંજન દેબતા મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૩૭૧૫ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. જેમાં ડૉ.મહેશ રંજન દેબતાએ જણાવ્યું કે ચીને કેવી રીતે દગા દ્વારા ઉઈગરોના દસ નેતાઓનું વિમાન ક્રેશ કરીને ઉઈગરોની લડતને નેતૃત્વહીન બનાવી હતી. ઉપરાંત તેમણે વધુમાં જણાવ્યું હતું કે ચીનની કોમ્યુનિસ્ટ સરકાર દ્વારા ઉઈગરોના ડેટા હેક કરીને તેમની ધાર્મિક સ્વતંત્રતા છીનવીને કેવી રીતે તેમના પર અત્યાચાર કરવામાં આવે છે. આતંકવાદનો મુદ્દો બનાવીને ચીને ઉઈગરો મુસ્લિમો વિરૂઘ્ધ ષડયંત્ર હેઠળ તેમની વસ્તી ઓછી કરવા માટેની નીતિ અપનાવી હતી. ઝિંજીયાંગ પ્રદેશનું ભૌગોલિક મહત્વ કેટલું છે તે પણ જણાવ્યું હતું. કારણ કે ઝિંજીયાંગ પ્રાંત સાથે ૮ દેશોની સામે જોડાયેલી છે. ઉપરાંત તે આર્થિક અને રાજકીય મહત્વ ધરાવતો પ્રદેશ છે. તેથી ચીનની કોમ્યુનિસ્ટ સરકાર અને ચીનની આર્મી શસ્ત્રબળ દ્વારા ત્યાંના લોકો પર અત્યાચાર કરીને તેમની લડત નબળી પાડવાના અનેક પ્રયત્નો કરે છે. અમેરિકાના મનોનીત રાષ્ટ્રપતિએ પણ ઉઈગરો વિરૂઘ્ધ ચીનની નીતિનો મુદ્દો એમના પ્રચાર દરમ્યાન ઉઠાવ્યો હતો. મુસ્લિમ દેશોની ચૂપી આ અંગે સવાલ ઉભી કરી રહી છે. પરંતુ હાલ અમેરિકા એવો દેશ છે જે ઉઈગરોના હિતમાં મુદ્દો ઉઠાવી રહ્યું

છે. ઉપરાંત U.S.HOUSE એ પણ ઉઈગરો બિલ પાસ કર્યુ છે. જે બિલમાં જણાવવામાં આવ્યું છે કે ઉઈગરો વિરૂધ્ધ જો કોઈ પણ અત્યાચાર થશે તો તેની સામે પગલાં લેવામાં આવશે. ઝિંજીયાંગ પ્રદેશમાં કુદરતી સંશોધનો ખૂબ મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

દર્શક મિત્રોના વિવિધ પ્રશ્નોના જવાબ ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીનો પરિચય ડૉ.દિલીપ કતારીયાએ કરાવ્યો હતો. વેબિનારનું સંચાલન આચાર્યશ્રી ડૉ.કે.એન. ચાવડા ના માર્ગદર્શન હેઠળ ડૉ.ચિરાગ સિધ્ધપુરીયાએ કર્યુ તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## સરહદ લદાખઃ યુધ્ધની શકયતા : નેશનલ વેબિનાર

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી તેમજ જમ્મૂ કાશ્મીર અધ્યયન કેન્દ્ર દ્વારા તા. ૧ નવેમ્બર, ૨૦૨૦ના રોજ "સરહદ લદાખઃ યુધ્ધની શકયતા" વિષય અંતર્ગત Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book અને Instagram ના માધ્યમથી ૩રમાં નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. જેમાં લેફટનન્ટ જનરલ સૈયદ અતા હસનૈન મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૪૬૮૯ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. શ્રી લેફટનન્ટ જનરલ સૈયદ અતા હસનૈન વેબિનારમાં ચીનની રણનીતિ, લદાખ સીમા પર ઓપરેશન, નરેન્દ્રમોદીજી અને જીનપિંગના મેળાપ જેવા વિષય પર ચર્ચા થઈ હતી. ભારત–ચાઈના ૧૯૪૯:૨૦૨૦, સ્પર્ધા, હરીફ, મિત્રતા અને વિરોધી સંબોધનો સંબોધન કર્યુ, જેમાં તેમણે કહ્યું કે ભારત–ચીન વચ્ચે ૯૦ મિલિયન ડોલર વેપાર છે. હા, એ વાત સાચી કે ચીનને વધારે ફાયદો છે ૭૨ મિલિયન ડોલરનો વેપાર થાય છે અને ભારતને ૧૮ મિલિયન ડોલરનો ફાયદો થાય છે. આગળ તેમને જમ્મુ કાશ્મીરની વાત કરતા જણાવ્યું કે તા. ૨૨ ફેબ્રુઆરી, ૧૯૯૪માં એક ઠરાવ પસાર કર્યો હતો. સંસદના બન્ને હાઉસમાં ત્યારે બધી જ પાર્ટી એક સાથે ભેગી થઈ તેમણે ઠરાવ પાસ કરી જે મહારાજા કાશ્મીર કે નીચે જે જમીન હતી જમ્મુ કાશ્મીરની તે પૂરી જમીન ભારતની છે. મેપ પણ એ જ રીતે છાપવામાં આવ્યો કે આ પૂરી જમીન ભારતની છે. આ નિર્ણયથી ચીન અને પાકિસ્તાન બંનેને તકલીફ પડી છે. આગળ તેમણે ભારત–ચાઈના યોજના વિશે વિગતવાર ચર્ચા કરી જેમાં તેમણે ભારતના સાધનો અને અન્ય મશીનરી વિશે તથા કઈ રીતે સમસ્યા રહે છે. લેહ અને લદાખમાં યુધ્ધના સાધનો અને મશીનરીને લઈ જવા માટે તેમણે અલગ–અલગ મેપ એટલે કે રસ્તા વિશે જાણકારી આપી હતી. તેમણે અન્ય યુધ્ધ સાધનોની પણ ચર્ચા કરી હતી. ભારત–ચીન વચ્ચે વાતચીત પણ થાય છે અને લડાઈ પણ થાય છે તો આ શું છે? તેમાં જણાવતા કહ્યું કે આ એક "લશ્કરી રાજદ્વારી વાતો" છે. કોઈ લડાઈ હકીકતમાં છે જ નય. કોઈ યુધ્ધ કે લડાઈ કે સંઘર્ષ નથી. વેબિનારનો અંત લાવતા તેમણે જણાવ્યું કે ભારત અને ચીનની વચ્ચે ચીન ભારતથી તાકતવર છે. તેમણે જણાવ્યું કે ભારત પણ પોતાનો પાવર વધારવાની જરૂર છે. તેના માટે ભારત અર્થતંત્રની વેપાર અને અન્ય વસ્તુને આધારે અર્થતંત્ર સક્ષમતાને વધારવાની વાત કરી. ભારત અને ચાઈના વચ્ચે વેપાર થાય તે આપણા માટે એટલે ભારતના નાગરિક માટે સારી વાત છે. જેમાં સપ્લાય ચેઈનના આધારે આપણી અર્થતંત્રની ગતિ પણ વધે છે તો શું આ સારી વાત નથી? ભારતે ચીન સાથે કાર્યશીલતા રાખવી જરૂરી છે. પણ સાથે એક વ્યુહરચના પણ હોવી જરૂરી બને છે. અંતે ભારતે પણ પાકિસ્તાન સાથે વ્યુહાત્મક ટેન્ડરહુક રાખવું જ જોઈએ આ વાત સાથે તેમણે ભારત–ચીનઃ સરહદ લદાખઃ યુધ્ધની શકયતા વિષય પર વિરામ આપ્યો. અસલી યુધ્ધ શરૂ થાય છે ખરેખર લદાખ રેન્જમાં રોજ ૧૮,૦૦૦ ફૂટની ઉંચાઈએ પૂર્વ લદાખમાં ૪૦,૦૦૦ સૈનિક માટે પરંપરાગત રાશન જેવું કે લોટ, દાળ, ચોખા અને મિલ્કએ ભારતના સૈનિક માટે અગાઉથી ૧૮૦ દિવસ સુધીનું પહોંચી જાય છે. પણ ખરેખર સમસ્યા ચીનને છે. અને તેના માટે એ સૈનિકોને દર સાત દિવસે બદલી કરે છે. આમાં પણ ભારતમાં સૌથી સારી બાબત કે તે પહેલેથી ૧૮૦૦૦ ફૂટની ઉંચાઈ રહેવાનો અનુભવ છે. પણ આ ચીન માટે પડકારજનક સ્થિતિ ઉભી કરી શકે તેવી હાલત છે.

દર્શક મિત્રોના વિવિધ પ્રશ્નોના જવાબ ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીનો પરિચય ડૉ. દિલીપ કતારીયાએ કરાવ્યો હતો. વેબિનારનું સંચાલન આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાના માર્ગદર્શન હેઠળ ડૉ. ચિરાગ સિધ્ધપુરીયાએ કર્યુ તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## ભારત–ચાઈના ઈશ્યુ લેકચર શ્રેણી–૦૮ઃ વ્યુહાત્મક મહત્વ ચીનનો ભારતના પ્રદેશો પર કબજોઃ નેશનલ વેબિનાર

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી તેમજ જમ્મૂ કાશ્મીર અધ્યયન કેન્દ્ર દ્વારા તા. ૮ નવેમ્બર, ૨૦૨૦ ના રોજ "ભારત–ચાઈના ઈશ્યુ લેકચર શ્રેણી–૦૮ઃ વ્યુહાત્મક મહત્વ ચીનનો ભારતના પ્રદેશો પર કબજા" વિષય અંતર્ગત Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book અને Instagram ના માધ્યમથી ૩૩માં નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. જેમાં ફ્રીલાન્સ લેખક અને સોશિયલ મીડિયા કાર્યકર શ્રી નિધી બહુગુણા મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૨૦૬૯ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. નિધી બહુગુણાએ વેબિનારમાં ભારત–ચીન કબજાની અસર, કબજો રાખવાથી સમસ્યા, ભારત–ચીન કબજાથી ચીન–ભારતના અર્થતંત્રને શું અસર થાય તેવા વિષય પર ચર્ચા થઈ હતી. તેમણે વેબિનારની શરૂઆત ૨૦૧૯ ના નવા મેપથી કરી કે જેમાં લદાખનો જમીન વિસ્તાર અને ગિલગીટ બાલ્ચિસ્તાન સરહદ વિશે વાતચીત શરૂ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે લદાખ ભારત માટે સૌથી

મહત્વનું છે કારણ કે એશિયાનું સૌથી મોટું કેન્દ્ર હતું. જ્યાં મોટા મોટા વેપાર થતાં હતા. જેમાં ૨૫ લાખ ભારતીય ચલણમાં બ્રિટિશના સમયમાં જેમાં મોટો ભાગ ચાઈનાએ કબજો કર્યો. અકસાઈ ચીન, ટ્રાંસ કારકોરમ અને દક્ષિણ પશ્ચિમ તિબેટમાં મિનસાર જેવો વિસ્તાર ચીને લદાખમાં કબજો કર્યો છે. અકસાઈ ચીનને લેવા માટે ભારતે ઘણીવાર ચીન સાથે વાતચીત કરી, ૬૮૫ કેલમસ આપ્યા, અન્ય પ્રયત્નો કર્યા હતા, પણ માનવા તૈયાર નહિ હતા. અંતે ચાઈનાએ નવો મેપ બનાવ્યો જેમાં પૂરો લદાખ વિસ્તાર તેમનો આ બધી વાતચીત કરી. તા. ૨ માર્ચ, ૧૯૬૩માં પાકિસ્તાને લગભગ ૨૦,૦૦૦ સ્કવેર કિ.મી. ટ્રાંસ કારકોરમ કો ચાઈનાને સીલ કરી દીધી. જેમાંથી ભારત માત્ર ૫૧૮૦ કિ.મી. જે કલેમ કરી છે. નિધી બહુગુણાજીએ સમજાવતા કહ્યું કે શકજમવેલી વિગતવાર વાતચીત કરી હતી. મિનસારએ દક્ષિણ પશ્ચિમ તિબેટમાં એક ભારતીય શાસન હતું. જેણે સદીઓથી કૈલાસ માનસરોવર જાળવી રાખ્યુ હતું. લાકડાના વેપાર માટે ભારતીય હિંમત માટે મિનસાર એક મહત્વપૂર્ણ વેપારી પોસ્ટ હતી. અંતે તેમણે જણાવ્યું કે હાલના સમયમાં મિનસારની સ્થિતિ ક્યારેય સત્તાવાર રીતે બંધ કરવામાં આવી નથી. જ્યાં મોટા વેપાર થતા હતા અને ભૂતકાળમાં ભારત સૌથી મોટું કેન્દ્ર હતું.

દર્શક મિત્રોના વિવિધ પ્રશ્નોના જવાબ ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીનો પરિચય ડૉ. દિલીપ કતારીયાએ કરાવ્યો હતો. વેબિનારનું સંચાલન આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાના માર્ગદર્શન હેઠળ ડૉ. ચિરાગ સિધ્ધપુરીયાએ કર્યુ તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## યુવા સશક્તિકરણ : નેશનલ વેબિનાર






જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી દ્વારા તા. ૧૭ એપ્રિલ ૨૦૨૧ શનિવારના રોજ "યુવા સશક્તિકરણ" વિષય અંતર્ગત Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book અને Instagram ના માધ્યમથી ૪૪માં નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આર્શીવચનો આપ્યા હતા. જેમાં મુખ્ય વકતા તરીકે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–ટાસ્ક ફોર્સ, ગુજરાતના સદસ્ય અને ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદના પ્રાધ્યાપકશ્રી ડૉ. જયેન્દ્રસિંહ જાદવ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિવિધ કોલેજના ૫૬૮૮ જેટલા વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. શ્રી જયેન્દ્રસિંહ જાદવે જણાવ્યું કે, વિદ્યાર્થીએ જીવનમાં આગળ વધવા માટે ધ્યેય નિશ્ચત નક્કી કરવો જરૂરી છે. આ ધ્યેય આત્મા કેન્દ્રિત ન રહેતા સમાજ કેન્દ્રિત કે રાષ્ટ્ર કેન્દ્રિત હોવો જોઈએ. વિદ્યાર્થીઓએ નવું શીખવાનું શરૂ રાખી સમયાંતરે પોતાના કૌશલ્યને વિકસાવવું જોઈએ. તેમણે વિવિધ ઉદાહરણ દ્વારા સમજાવ્યું કે, કૌશલ્યની હંમેશા કદર થાય છે. જીવનમાં એકાગ્રતા ખૂબ જરૂરી છે. જ્યારે ફોટોગ્રાફી માટે ૧ ક્ષણ પણ કેમેરો હલવાથી ફોટો ખરાબ થઈ જાય છે તેવું જ જીવન માટે પણ છે માટે જીવનમાં એક્રાગતા ખૂબ જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, મહાપુરૂષોના જીવન ચરિત્રમાંથી પ્રેરણા લઈ તેમણે વેઠેલી પીડામાંથી કઈક નવું શીખવું જોઈએ. મનના વિચારો સારા પુસ્તકો વાંચીને બદલી શકાય છે. દરેક વ્યકિતએ પોતાની આત્મા સાથે આત્મમંથન કરવું જોઈએ. પોતાની બીજા સાથે સરખામણી ન કરવી જોઈએ દરેક વ્યકિતમાં પોતાની અલગ વિશિષ્ટ શકિત છૂપાયેલી છે જે આત્મમંથન કરી બહાર લાવી શકાય. તેમણે સ્વામી વિવેકાનંદનું ઉદાહરણ આપી સમજાવ્યું કે જેને પોતાનામાં જ શ્રધ્ધા નથી તે વ્યકિત નાસ્તિક છે. ગાંધીજીનું ઉદાહરણ આપી સમજાવ્યું કે, ગાંધીજીને શાંતિ માટે નોબલ પ્રાઈઝ નથી મળ્યુ પરંતુ ઈતિહાસમાં જેટલા લોકોને શાંતિ માટે નોબલ પ્રાઈઝ મળ્યું છે તેવા દરેક મહાનુભાવોએ પોતાના વકતવ્યમાં ગાંધીજીનો ઉલ્લેખ કર્યો છે. તેમણે જણાવ્યું કે આજના યુવાનો પોતાના યુથ આઈકોન, માર્ગદર્શક કે હીરો તરીકે ફિલ્મી જગતના હીરો/હીરોઈનને માની બેઠા છે  જ્યારે યુથ આઈકોન, માર્ગદર્શક કે હીરો એવા હોવા જોઈએ જેમણે જગતને નવી દિશા આપી હોય, જેમણે રાષ્ટ્ર અને સમાજ માટે સમર્પણ કર્યુ હોય તેવા લોકોને પોતાના યુથ આઈકોન કે માર્ગદર્શક બનાવી પ્રેરણા લેવી જોઈએ.

તેમણે દર્શક મિત્રોના પ્રશ્નોના ખૂબ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીનો પરિચય ડૉ.ચિરાગ સિધ્ધપુરીયા તેમજ આભારવિધિ ડૉ. મયંક સોઢાએ કરી હતી. વેબિનારનું સંચાલન જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડા, ડૉ. સેજલ દેસાઈ, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા, ડૉ. મેહુલ શાહ તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. You Tube Link : https://youtu.be/5vBzWkWLnk4

## ઈંગલીશ ઈમ્પ્રુવમેન્ટ અને સ્કોપ : નેશનલ વેબિનાર

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, પ્રો. વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેન્ક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ તથા અમરોલી દ્વારા તા. ૯, એપ્રિલ ૨૦૨૧ શુક્રવારના રોજ "ઈંગલીશ ઈમ્પ્રુવમેન્ટ અને સ્કોપ" વિષય અંતર્ગત Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book અને Instagram ના માધ્યમથી ૪૩માં નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આર્શીવચનો આપ્યા હતા. જેમાં મુખ્ય વકતા તરીકે સ્કોપ ટ્રેઈનર શ્રી અરૂલ પિલ્લાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિવિધ કોલેજના ૬૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. શ્રી અરૂલ પિલ્લાઈએ જણાવ્યું કે, અંગ્રેજી આપણી માતૃભાષા નથી પરંતુ અંગ્રેજી ભાષાને વિશ્વની સામાન્ય વ્યવહારની ભાષા તરીકે માન્યતા મળી છે. ગ્લોબલાઈઝેશન અને ઈન્ટરનેટના યુગમાં દરેક વિદ્યાર્થીઓએ અંગ્રેજી ભાષા શીખવી જ જોઈએ જેવા હેતુથી વિદ્યાર્થીઓની અંગ્રેજી ભાષા પ્રત્યે રૂચિ જાગે, સરળતાથી કઈ રીતે અંગ્રેજી ભાષામાં વ્યવહાર કરી શકે, તેમજ અંગ્રેજી શીખી શકે તેવા હેતુથી આ વેબિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. શ્રી અરૂલ પિલ્લાઈએ વધુમાં જણાવ્યુ કે, વિદ્યાર્થીઓએ અંગ્રેજી ભાષાનો ડર છોડીને પોતાના વિવિધ ગ્રુપ બનાવી દરરોજ ૨૫ મિનિટ જેટલી જેવું પણ આવડે તેવું અંગ્રેજી ભાષામાં વાત કરવી જોઈએ. અંગ્રેજી શીખવા માટે અંગ્રેજી ન્યુઝ પેપર, વિવિધ મેગેઝિન તેમજ વિવિધ અંગ્રેજી મુવી, ક્રિકેટ કોમેન્ટરી જેવા રસના વિષયો ઉપર અંગ્રેજીમાં વધુને વધુ વાંચન અને અંગ્રેજીમાં સાંભળવાથી અંગ્રેજી ભાષાનો ડર દુર કરી આત્મવિશ્વાસ વધારી શકાય છે. ગુજરાતના વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષાનું વ્યવહારૂ જ્ઞાન વધે તે માટે વર્ષ ૨૦૦૭માં Society for Creation Opportunity through Proficiency in English (SCOPE) ની સ્થાપના કરવામાં આવી હતી. તેમજ વિશ્વની પ્રખ્યાત કેમબ્રિજ યુનિવર્સિટી સાથે MoU કરીને વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષાનું જ્ઞાન વધે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા SCOPE ની વિવિધ પરીક્ષા લઈ પ્રયત્ન કરવામાં આવ્યા છે. અહિ ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે અમરોલી કોલેજને સમગ્ર ગુજરાતમાં સ્કોપ પરીક્ષા માટે વધુ વિદ્યાર્થીઓની નોંધણી કરાવવા બદલ કેસીજી, અમદાવાદ દ્વારા એવોર્ડ આપવામાં આવ્યો હતો.

તેમણે દર્શક મિત્રોના પ્રશ્નોના ખૂબ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીનો પરિચય સ્કોપ ટીમ મેમ્બર મિસ. દિપ્તી ગઢવી તેમજ આભારવિધિ પ્રા. મેધા કે. જોષીએ કરી હતી. વેબિનારનું સંચાલન જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડા, ડૉ. સેજલ દેસાઈ, ઈનચાર્જ પ્રિ. ડૉ. મુકેશ ગોયાની, ડૉ.ચિરાગ સિધ્ધપુરીયા, ડૉ. મેહુલ શાહ તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. You Tube Link : https://youtu.be/ZNDik0zJxdo

## જીવન જયોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન, અમરોલી.


## રકતદાન શિબિર



જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં HDFC Bank, શિક્ષક વાલી મંડલ અમરોલી કોલેજ, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડલ–અમરોલી કોલેજ, એન.એન.એસ. તથા એન.સી.સી., વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત રકતદાન કેન્દ્ર, ફેમીલી ફિઝીશયન એસોસીએશન, સુરતના સહોગથી તા.૩૦–૪–૨૦૨૧ના રોજ રકતદાન શિબિર (Blood Donation Camp)નું આયોજન કોલેજ કેમ્પસ ખાતે સરકારશ્રીની કોવીડ–૧૯ ગાઇડ લાઇન મુજબ થયું હતું. કોલેજના ઇ.ચા.આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી, એન.એન. એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રદિપકુમાર લેન્કા, બી.બી.એ., બી.કોમ.,બી.સી.એ.ના કો–ઓર્ડિનેટ, કોલેજના તમામ અધ્યાપકો, કોલેજ એન.એન.એસ. કમિટિના સભ્યો તેમજ સ્વયંસેવકો હાજર રહી રકતદાન શિબિરની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમ્યાન અમરોલી ગ્રાન્ટેડ કોલેજના આચાર્ય ડૉ. કિશોરસિંહ ચાવડા તેમજ જીવન જયોત ટ્રસ્ટના શ્રી ગોરાંગભાઈ દેસાઈ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી આ Corona ની પરિસ્થિતિમાં પણ સેવાકિય કાર્યને બીરદાવ્યુ હતુ. રકતદાન શિબિરમાં વિદ્યાર્થીઓની સાથે સાથે અમરોલી પોલીસ સ્ટેશનના જવાનોએ પણ રકતદાન કર્યુ હતું. રકતદાન શિબિરમાં કુલ ૪૦ બોટલ યુનિટ રકતદાન એકત્ર થયેલ હતુ. આ શ્રેષ્ઠ કાર્ય બદલ વિદ્યાર્થીઓને ભેટ આપી પ્રોત્સાહન પુરુ પાડવામાં આવ્યું હતું. અંતે ઇ.ચા.આચાર્યશ્રીએ એન.એન. એસ. તથા એન.સી.સી. ટીમનો આભાર માન્ય હતો.

## સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ.


### આંતરરાષ્ટ્રીય મહિલા ડે : ઓનલાઈન વેબિનાર




સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ ખાતે તા. ૦૯/૦૧/૨૦૨૧ને શનિવારના રોજ IQAC કમીટી, રૂષા અને ઈતિહાસ વિભાગના સંયુકત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ "આંતરરાષ્ટ્રીય મહિલા ડે" ની ઉજવણી અંગેનો ઓનલાઈન વેબિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં વકતા તરીકે આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ઈન્દ્રપુર, પુના (મહારાષ્ટ્ર) હિન્દી વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. સિતાબાઈ નામદેવ પવારે ગુગલ મીટના માધ્યમથી વિષયના અનુસંધાને વ્યાખ્યાન આપતા જણાવ્યું હતું કે "જીવન સમયસ્યાઓથી ભરેલુ છે. પરિસ્થિતિ કોઈપણ આવે એની સામે હારવાનું નથી. શિક્ષા કા મતલબ હૈ બદલાવ, હરેક ક્ષણે મુસિબતોનો સામનો કરવો અને માનસિકતાને બદલાવવાની જરૂર છે. આ સાથે તેમણે નૈતિક મૂલ્યોનું જીવનમાં આચરણ થાય તે બાબત પર ખાસ ભાર મૂકયો હતો. જેથી કરીને સમસ્ત વિશ્વની નામાંકિત મહિલા તેમજ ગ્રામીણ સમુદાયની મહિલાઓ વચ્ચેનું અંતર ઓછુ કરી શકીયે એ બાબત પર ખાસ ભાર મૂકયો હતો.

વિદ્યાર્થીઓ માટે આ વેબિનાર ખરેખર ઉપયોગી તેમજ રસપ્રદ રહ્યો. આ વેબિનારનો ઉદ્દેશ ભારતનાં ગ્રામીણ સમુદાયની મહિલાઓની પારિવારીક, આર્થિક, સામાજિક, શૈક્ષણિક પરિસ્થિતિને જણાવવાનો અને સમજવાનો હતો. એ માટે હાલમાં અત્રેની કોલેજમાં S.Y.B.Com માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કંસારા દિવ્યાના માતૃશ્રી ફાલ્ગુનીબેન કંસારા ઘરની આર્થીક પરિસ્થિતિ સારી ન હોવાને કારણે પોતે S.S.C. ધોરણ–૧૦ સુધીનો અભ્યાસ કરેલ છે., તેમને કંઠય સંગીત ગાવાનો ખૂબ શોખ છે. પરિવારમાં ચાર દિકરીઓના ઉછેરની જવાબદારીની સાથે પોતાની દિકરીઓ વધુ અભ્યાસ કરે તે માટે પોતે લોજિંગનું કામ કરીને દિકરીઓનું ભવિષ્ય ઉજળળ બને તેવા પ્રયાસો કરી રહ્યા છે. જેની અમોએ નોંધ લીધી હતી. મહિલા દિનના દિવસે નામાંકિત મહિલાઓનું બહુમાન થાય છે. પરંતુ જે ખરેખર પોતાના પરિવાર, સમાજ અને રાષ્ટ્ર તેમજ દેશના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાના જેનામાં ઉમદા વિચારો રહેલા છે એવી મહિલાનું બહુમાન થાય તો સમાજને એક નવી દિશા મળે, માનસિકતામાં બદલાવ આવે એ હેતુથી કોલેજના આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ તેમજ IQAC કમિટિ દ્વારા આજના મહિલા દિને ખેરગામ કોલેજની વિદ્યાર્થીની દિવ્યા કંસારાની માતૃશ્રી ફાલ્ગુનીબેન કંસારાનું પુષ્પ અર્પણ કરીને તેમનું સન્માન કર્યુ હતું મહિલા દિન નિમિતે મહામૂલા પ્રસંગને બિરદાવતા આ સમગ્ર કોલેજ પરિવાર આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં IQAC ના અધ્યક્ષ પ્રા. ધર્મરાજભાઈ ટેંભરે, ઈતિહાસ વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ.નીમુબેન એસ. ચૌધરી, પ્રા.ડૉ.કમળાબેન યુ. વાઢેળ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. જીગરકુમાર વી. પરમાર અને પ્રા. બિપિનભાઈ પટેલે સમગ્ર ઓનલાઈન કાર્યક્રમનું સફળ સંચાલન કર્યુ હતું. અંતમાં સંસ્થા પરિવાર વતી પ્રા. ડૉ. પારૂલબેન ટી. ચૌધરીએ આભાર વ્યકત કર્યો હતો.





## રાષ્ટ્રીય મતદાતા દિવસ







સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ખેરગામ ખાતે તા. ૨૫–૦૧–૨૦૨૧ને સોમવારના રોજ N.S.S. અને મામલતદાર કચેરી ખેરગામના સંયુકત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ "રાષ્ટ્રીય મતદાતા દિવસ" ની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જે નિમિતે મામલતદારશ્રીની કચેરી ખેરગામથી મદદનીશ ચૂંટણી અધિકારી, નાયબ મામલતદારશ્રી સેહુલભાઈ પટેલ, નાયબ મામલતદાર શ્રી નિલેશભાઈ એ. પટેલ (મતદાર યાદી) અને તેમની ટીમ, ભૂતપૂર્વ N.S.S. સ્ટેટલેવલ એવોર્ડ વિજેતા વિદ્યાર્થી સ્નેહલ પટેલ હૈદરાબાદ ખાતે P.R.D. પરેડમાં ભાગ લીધેલ N.S.S. ની સ્વયંસેવીકા દમ્યંતિબેન પટેલ F.Y.B.A./ B.Com ના વિદ્યાર્થીઓ અને અધ્યાપકગણની ઉપસ્થિતિમાં "૧૧મો રાષ્ટ્રીય મતદાતા દિવસ" નિમિતે ઉજવણી કરાઈ હતી જેમાં ચાલો રાષ્ટ્રીય મતદાતા દિવસ મનાવીએ, સાથે મળીને લોકશાહીને સુદ્રઢ બનાવીએ" સમગ્ર કાર્યક્રમનું સંચાલન N.S.S. પ્રોગ્રામ ઓફિસર પ્રો. સુનિલભાઈ એમ. જાદવે કર્યુ હતું અને IQAC/NAAC કો–ઓર્ડિનેટર પ્રા. ધર્મરાજભાઈ ઈ. ટૈભરેજીએ આભાર વ્યાકત કર્યો હતો.

## શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### વેબિનાર

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયે ભારતીય શિક્ષણ મંડળ નીતિ આયોગના સહયોગથી આગામી સમયમાં અમલમાં મૂકનાર NEP-2020 સંદર્ભે શિક્ષકોની ભૂમિકા વિષયક એક ખુબ ઉપકારક વેબિનારનું આયોજન કર્યુ હતું. જેમાં ગુજરાતભરના ૨૦૦થી વધુ આચાર્યો/અધ્યાપકો અને શિક્ષકો સહભાગી બન્યા હતા. પ્રાર્થના બાદ સંસ્થાના સુકાની ડૉ. કિશોરભાઈ નાયકે વેબિનારના અધ્યક્ષ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી સિદ્ધપુરના કુલપતિશ્રી ડૉ. વેદવ્યાસ જયપ્રકાશ દ્વિવેદીજી, IITE-ગાંધીનગરના કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ વિષય તજજ્ઞ અને મુખ્ય વકતા ડૉ. ભરતભાઈ માળી અને ગુજરાત પ્રાંત પ્રદેશના મંત્રીશ્રી જીતેન્દ્રસિંહ પરમારને શબ્દપુષ્પોથી આવકારી પ્રસ્તુત વેબિનારની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલે આગવી શૈલીમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણની ચોકસાઈની અને ફલશ્રુતિની પ્રેરક વાતો રજૂ કરી હતી. ભારતીય સંસ્કૃતિના પ્રખર સંવર્ધક એવા કુલપતિશ્રી ડૉ. વેદવ્યાસજીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિની લાક્ષણિકતાઓ, વર્તમાન વાસ્તવિકતાઓ સ્પષ્ટ કરી પ્રત્યેક શિક્ષકે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિના ડ્રાફટનો અચૂક કાળજીપૂર્વક અભ્યાસ કરવાની બાબત પર વિશેષ ભાર મૂકયો હતો. મુખ્ય વકતા ડૉ. ભરત માળીએ ખૂબ ઊંડાણપૂર્વક રાષ્ટ્રીય શિક્ષણ નીતિના તમામ આયામોને ઐતિહાસિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સંદર્ભો સાથે રજુ કરી નવી શિક્ષણ નીતિને આવકારી એની સફળતા માટેની પૂર્વભૂમિકા રજૂ કરી હતી. સમાપન સંદેશ આપતા શ્રી જીતેન્દ્રસિંહ પરમારે આ સુંદર આયોજન બદલ સંતોષ વ્યકત કરી સંસ્થાના સુકાની અને એમના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. વેબિનારના કો–ઓર્ડિનેટર અને કાર્યક્રમના સુચારુ ઉદઘોષક ડૉ. કિરીટભાઈ ચૌહાણે ૠણ સ્વીકાર કરી સહુની સહભાગિતાને બિરદાવી હતી. ટેકનીકલ સપોર્ટ કરનાર ડૉ. નમ્રતાબેન, ડૉ. ગાયત્રીબેન, ડૉ. શીતલબેન, શ્રી સંકેત મિસ્ત્રી અને સંસ્થાના સુકાની સહિતના સમગ્ર સ્ટાફના સફળ પુરુષાર્થ બદલ મંડળના પદાધિકારીઓએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.



આ સફળ વેબિનારના આગલા દિવસે સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓ માટે "સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વ તૈયારી" વિષયક એક ઉપકારક વેબિનારનું આયોજન કર્યુ હતું. પ્રા. ડૉ. શીતલબેન વસાવા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ઉમરગામ બી.એડ. કોલેજના આચાર્ય ડૉ. રિતેશ પટેલ તજજ્ઞ તરીકે સેવા આપી સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

વર્તમાનપત્રોમાં યુનિવર્સિટી વૃત્ત

ગુજરાત ગાર્ડિયન તા. ૧–૫–૨૦૨૧

# નર્મદ યુનિ.ના કુલપતિપદે કિશોરસિંહ ચાવડાની વરણી



સુરત, તા.૩૦

અઢી દાયકા બાદ નર્મદ યુનિવર્સિટીનાં કુલપતિ તરીકે મુળ દક્ષિણ ગુજરાતના અને અમરોલી કોલેજના આચાર્ય કિશોરસિંહ એન.ચાવડાની કુલપતિ તરીકે નિમણુંક કરવામાં આવી છે. વર્ષોથી યુનિવર્સિટી સાથે જોડાયેલા કે.એન.ચાવડાની નિમણુંકને પગલે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓના પાયાના પ્રશ્નોનાં ઉકેલની સાથે યુનિ.ના વિકાસને નવી દિશા પણ મળશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા અઢી દાયકાથી દક્ષિણ ગુજરાતની બહારનાં હોય તેવા શિક્ષણવિદને કુલપતિ તરીકે બેસાડવાની જાણે પરંપરા બની ગઈ હતી. જો કે ભાજપનાં પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલએ દક્ષિણ ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા અને પાયાના પ્રશ્નોના ઉકેલ માટે દક્ષિણ ગુજરાતના જ કોઈ શિક્ષણવિદ ઉપર પસંદગી કરવાનું નક્કી કર્યું હતુ. અને તે માટેના પ્રયાસો પણ કર્યા હતા. જેને પગલે આજે રાજયના શિક્ષણવિભાગ દ્વારા અમરોલીની જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી દેસાઈ કોમર્સ કોલેજમાં ૨૦૦૫ થી આચાર્ય તરીકે કાર્યરત કિશોરસિંહ નટવરસિંહ ચાવડાની કુલપતિ તરીકેની નિમણુંક કરી હતી. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે શિવેન્દ્ર ગુપ્તાની ટર્મ પૂર્ણ થયા બાદ, તેમના સ્થાને હેમાલીબેન દેસાઈને ઈન્ચાર્જ કુલપતિનો હવાલો સોંપવામાં આવ્યો હતો. જયારે આજે સત્તાવર રીતે આગામી ત્રણ વર્ષ માટે કે.એન. ચાવડાની નિમણુંક કરવામાં આવી છે.

મુળ બારડોલી નજીકના માણેકપોર ગામના વતની કે. એન. ચાવડા અમરોલી કોલેજના આચાર્ય હોવા ઉપરાંત યુનિ.માં સેનેટ, સિન્ડીકેટ, તેમજ બોર્ડ ઓફ યુનિ. ટીચર્સ, તેમજ અન્ય વિવિધક્ષેત્રમાં પણ સંકળાયેલા હોવાથી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની દરેક બાબતથી વાકેફ હોય તેનો મોટો ફાયદો યુનિવર્સિટીના સકારાત્મક પરિવર્તનમાં જોવા મળશે. પ્રખર

● અનુસંધાન પાના ૫ ઉપર

## ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના પ્રયાસને પગલે નર્મદ યુનિ.ને ૨૫ વર્ષના લાંબા ગાળા બાદ દક્ષિણ ગુજરાતના પોતિકા કુલપતિ મળ્યા, અમરોલી કોલેજના પ્રિન્સિપાલ હતા

ગુજરાતમિત્ર તા. ૧–૫–૨૦૨૧

# વીર નર્મદ યુનિ.ને અઢી દાયકા બાદ નર્મદ નગરીના વીસી મળ્યા ! નવા કુલપતિ તરીકે ડો. કે.એન.ચાવડાની નિમણૂક

**ગુજરાત ભાજપ** પ્રમુખ સી.આર.પાટીલે આખરે દક્ષિણ ગુજરાત યુનિ. માટે સુરતની કોલેજના આચાર્યને નિમણૂક અપાવી



સુરતઃ સુરતની વીર નર્મદ યુનિ.ના માથે છેલ્લા પચ્ચીસ વર્ષથી મરાતું આયાતી કુલપતિનું મહેણુ આખરે દૂર કરાંયુ છે. વીર નર્મદ યુનિ.ના વીસી તરીકે સુરતની અમરોલી કોલેજના પ્રિ. ડો. કે. એન. ચાવડાની નિમણૂક થતાં સમગ્ર દક્ષિણ ગુજરાતના શિક્ષણ આલમમાં ખુશીની લહેર ફરી વળી છે.

વીર નર્મદ યુનિ.માં ગયા ઓગષ્ટ મહિનાથી ખાલી પડેલી કુલપતિની જગ્યા ઉપર આખરે ગુજરાત સરકારે સુરતના અમરોલી વિસ્તારની ઝેડ. એચ.શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોર્મસ કોલેજના પ્રિ.ડો.કે. એન.ચાવડાની નિમણૂક કરી છે. આ જગ્યા ઉપર કાર્યકારી વીસી તરીકે વાપીની કોલેજના પ્રિ.ડો.હેમાલી દેસાઈને ચાર્જ સોંપાયો હતો. પરંતુ ગયા સપ્તાહમાં સર્ચ કમિટિની અંતિમ બેઠક પૂરી થતા સરકાર માટે વીર નર્મદ યુનિ.ના કુલપતિની નિમણૂકનો માર્ગ મોકળો થયો હતો. ઉલ્લેખનીય છે કે ઉચ્ચ શિક્ષણ જગતમાં સર્વોચ્ચ ગણાતો કુલપતિના હોદ્દા ઉપર નિયુક્ત થયેલા પ્રિ.ચાવડા પાસે શિક્ષણનો બહોળો અનુભવ છે. તેઓ સુરતની અમરોલી કોલેજના પ્રિ.તરીકે છેલ્લા 16 વર્ષથી ફરજ બજાવે છે.

અનુસંધાન પાના ૯ પર ➲

ગુજરાત સમાચાર તા. ૧–૫–૨૦૨૧

છેવટે દક્ષિણ ગુજરાત પર પસંદગી ઉતારાઈ


# નર્મદ યુનિવર્સિટીના કુલપતિપદે અમરોલી કૉલેજના પ્રિ.ડૉ.કે એન.ચાવડાની નિમણૂંક

(પ્રતિનિધિ દ્વારા) સુરત, શુક્રવાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવ સટીના કુલપતિ તરીકે અમરોલી કોલેજના આચાર્ય ડો. કે.એન. ચાવડાની નિમણુંક કરવામાં આવી છે. અંદાજે અઢી દાયકા બાદ મૂળ દક્ષિણ ગુજરાતના પ્રાધ્યાપકની કુલપતિ તરીકે વરણી થતા દક્ષિણ ગુજરાતના શિક્ષણશા ીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

**ડો. ચાવડાની વાયબ્રન્ટ ગુજરાત સમિતિ ૨૦૧૩માં ટાસ્ક ફોર્સ કમિટી મેમ્બર અને ઓલ ઈન્ડિયા અચિવર્સ ફાઉન્ડેશન ૨૦૧૨ દિલ્હી દ્વારા શિક્ષા ભારતીય પુરસ્કાર પણ એનાયત થયો હતો**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવ સટીના ઈતિહાસમાં સૌથી વધુ ચર્ચામાં રહેલા કુલપિત ડો. શિવેન્દ્ર ગુપ્તાનો કાર્યકાળ પૂર્ણ થતા તેમના સ્થાને કુલપિત તરીકે ડો. હેમાલી દેસાઈની હંગામી ધોરણે નિમણુંક કરવામાં આવી હતી. જો કે છેલ્લા ઘણા સમયથી નર્મદ યુનિવ સટીના કુલપતિ તરીકે દક્ષિણ ગુજરાતના પ્રાધ્યાપકને સ્થાન મળે તેવી માંગણીઓ થઈ રહી હતી. જે અંતર્ગત આજ રોજ અમરોલીની જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજમાં વર્ષ ૨૦૦૫થી આચાર્ય તરીકે કાર્યરત ડો. કે.એન. ચાવડાની આગામી ત્રણ વર્ષ માટે કુલપતિ તરીકે નિમણુંક કરવામાં આવી છે. કુલપતિ તરીકે ડો. ચાવડાની નિમણુંકને પગલે દક્ષિણ ગુજરાત યુનિવ સટી સંલગ્ન કોલેજો, અધ્યાપકો તેમજ વિદ્યાથીઓના પાયાના પ્રશ્નોનાં ઉકેલની સાથે યુનિવ સટીના વિકાસને નવી દિશા પણ મળશે તેવી આશા સેવાય રહી છે. ઉલ્લેખનીય છે કે ડો. ચાવડા મૂળ સુરત જિલ્લાના બારડોલી નજીકના માણેકપોર ગામના વતની છે અને યુનિવ સટીમાં સેનેટ, સિન્ડીકેટ, તેમજ ?બોર્ડ ઓફ યુનિવ સટી ટીચર્સ અને અન્ય વિવિધક્ષેત્રમાં પણ સંકળાયેલા હોવાથી દ?ક્ષિણ ગુજરાત યુનિવ સટીની દરેક બાબતથી વાકેફ હોય તેનો યુનિવ સટીના સકારાત્મક પરિવર્તનમાં જોવા મળશે.



ઉલ્લેખનીય છે કે ડો. ચાવડાની વાયબ્રન્ટ ગુજરાત સમિતિ ૨૦૧૩માં ટાસ્ક ફોર્સ કમિટી મેમ્બર તરીકે પણ નિમણુંક કરવામાં આવી હતી. ઉપરાંત ઓલ ઈન્ડિયા અચિવર્સ ફાઉન્ડેશન ૨૦૧૨ દિલ્હી દ્વારા શિક્ષા ભારતીય પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો છે.

**ડો. ચાવડાએ ૨૫થી વધુ પુસ્તક અને ૧૭થી વધુ સંશોધન પેપર પ્રકાશિત કર્યા છે**

યુનિવ સટીના કુલપતિ તરીકે દક્ષિણ ગુજરાતના શિક્ષણવિદની નિમણુંક થાય તેવી છેલ્લા કેટલાક સમયથી થઈ રહેલી માંગ અંતર્ગત ડો. કે.એન. ચાવડાની નિમણુંક કુલપતિ તરીકે થઈ છે. ડો. ચાવડાએ અત્યાર સુધઈમાં એમ.ફીલ અને પીએચ.ડીના ૧૮થી વધુ વિદ્યાથીઓને સુપરવાઈઝીંગ ટીચર તરીકે માર્ગદર્શન આપ્યું છે. ઉપરાંત ૨૫થી વધુ પુસ્તકો અને ૧૭થી વધુ સંશોધન પેપર પ્રકાશીત કર્યા છે. યુ.જી.સીના ૧૨ પ્લાન અંતર્ગત લઘુશોધ નિબંધ પણ પૂર્ણ કર્યા છે.

## છેલ્લા ઘણા સમયથી દક્ષિણ ગુજરાતના શિક્ષણવિદ્‌ની નિમણુંક થાય તેવી માંગ હતીઃ યુનિવ સટી સંલગ્ન કોલેજો અને અધ્યાપકોમાં ખુશીનો માહોલ

ધબકાર તા. ૧–૫–૨૦૨૧

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વીસી તરીકે ડો. કિશોરસિંહ ચાવડાની નિમણૂક

ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૩૦

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે અમરોલી કોલેજના આચાર્ય ડો. કિશોરસિંહ ચાવડાની નિમણૂક કરવામાં આવી છે. ડો. ચાવડા આવતીકાલ તા. ૧લી મે ના રોજ પદભાર સંભાળશે.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે ડો. શિવેન્દ્ર ગુપ્તાની ટર્મ પૂરી થયા બાદ હાલમાં ડો. હેમાલી દેસાઇ ઇન્ચાર્જ વીસી તરીકે કાર્યભાર સંભાળી રહ્યા હતા. દરમિયાન આજરોજ રાજયપાલશ્રી દ્વારા અમરોલીની જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઇ કોમર્સ કોલેજના આચાર્ય ડો. કિશોરસિંહ એન. ચાવડાની ઉપકુલપતિ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. જેની જાહેરાત શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી હતી. નર્મદ યુનિવર્સિટીના ૧૫મા ઉપકુલપતિ તરીકે નિમણૂક પામેલા ડો. કિશોરસિંહ ચાવડા ૧૩થી વધુ સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. આ ઉપરાંત તેઓ યુનિવર્સિટીના પૂર્વ સિન્ડીકેટ સભ્ય, બોર્ડ ઓફ સ્પોર્ટ્સના પૂર્વ ચેરમેન, બોર્ડ યુનિવર્સિટી પબ્લિકેશન, લાયન્સ ક્લબ સુરત સ્પંદન, કેન્દ્રીય પ્રવેશ સમિતિ, વિદ્યાર્થી ફરિયાદ નિવારણ સમિતિના પૂર્વ સભ્ય રહી ચૂક્યા છે. તેઓ હાલમાં આંબેડકર ઓપન યુનિવર્સિટીના કેન્દ્રના વડા, વાણિજ્ય વિદ્યા શાખાના અધર ધેન ડિન, યુનિવર્સિટીના સેનેટ સભ્ય રાજ્ય કોલેજ આચાર્ય મંડળના ખજાનચી, સુરત રક્તદાન કેન્દ્રના આમંત્રિત સભ્ય તરીકે છે. ઉપરાંત તેઓ ઇન્ડિયન એકાઉન્ટિંગ એસો., સાઉથ ગુજરાત બ્રાન્ચના સ્થાપક પ્રમુખ પણ છે. ડો. ચાવડાના ૨૫થી વધુ પુસ્તકો અને ૧૭થી વધુ સંશોધન પેપર પ્રકાશિત થયા છે.

## ડો. હેમાલીબેન દેસાઈએ કાર્યકારી કુલપતિ તરીકે ખૂબ જ સરાહનીય કાર્યો કર્યા

નર્મદ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે ડો. હેમાલીબેન દેસાઇએ વિદ્યાર્થી હિતમાં ઘણા કાર્યો કર્યા. તમામ વર્ષમાં રિ-એસએસમેન્ટ કરવાની વર્ષો જૂની માગણીને હેમાલીબેનના કાર્યકાળ દરમિયાન જ મંજૂરી આપવામાં આવી છે. આ સિવાય પણ ઘણા વિદ્યાર્થી હિતના નિર્ણયો તેઓ દ્વારા લેવામાં આવ્યા હતા.

## અમરોલી કોલેજના આચાર્ય ડો. કિશોરસિંહ ચાવડા ૧૫મા ઉપકુલપતિ બનશે : ડો. ચાવડા આજે પદભાર સંભાળશે

સંદેશ તા. ૧–૫–૨૦૨૧

### આખરે દ.ગુ. યુનિવર્સિટીને અનુભવી અને પોતીકા કુલપતિ મળ્યા

# અટકળોનો અંત.. વીર નર્મદ યુનિવર્સિટીના કુલપતિપદે ડો. કે.એન.ચાવડાની નિમણૂક

### અમરોલી કોલેજના આચાર્ય ડો.ચાવડા યુનિવર્સિટીના ૧૫માં કુલપતિ બન્યા

। સુરત ।

દક્ષિણ ગુજરાતની ૩૦૦ કોલેજનું સંચાલન કરતી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે અમરોલી કોલેજના આચાર્ય ડો. કિશોરસિંહ નટવરસિંહ ચાવડાની નિમણૂક કરાતા લાંબા સમયથી ચાલતી અટકળોનો અંત આવ્યો છે. તે સાથે જ યુનિવર્સિટીને આખરે અનુભવી, પોતીકા અને કાયમી કુલપતિ મળ્યા હોય શિક્ષણ જગતમાં સળવળાટ જોવા મળ્યો હતો.

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં વિવાદપતિ શિવેન્દ્ર ગુપ્તાની ટર્મ પૂરી થયા બાદ સિનિયર મોસ્ટ ડીન તરીકે ડો.હેમાલી દેસાઈની કાર્યકારી કુલપતિ બનાવાયા હતા. બીજીબાજુએ નવા કુલપતિ મુદ્દે આંતરીક ખેંચતાણ ચાલી રહી હતી. જોકે, તર્કવિતર્કના દૌર અને અટકળો વચ્ચે શુક્રવારે મોડી સાંજે કુલપતિ તરીકે અમરોલી કોલેજના આચાર્ય ડો.કે.એન. ચાવડાના નામની સત્તાવાર જાહેરાત થઈ હતી. ડો.ચાવડા છેલ્લા ૧૫ વર્ષનો અમરોલી કોલેજના આચાર્ય અને ૩૧ વર્ષનો શિક્ષણ ક્ષેત્રનો અનુભવ ધરાવે છે. તેઓ હાલમાં સુરત ઝોનની ફી નિર્ધારણ સમિતિના સભ્ય પણ છે.

## ૨૫ વર્ષે યુનિવર્સિટીને સ્થાનિક કુલપતિ મળ્યા

ડો.બી.એ.પરીખ બાદ ૨૫ વર્ષના અંતરાય પછી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને તળ ગુજરાતી અને દક્ષિણ ગુજરાતના સ્થાનિક કુલપતિ મળ્યા હોય વર્ષોથી ચાલતી માંગણી સંતોષાઇ હોવાનો મત શિક્ષણવિદોએ આપ્યો હતો. આચાર્ય અને શિક્ષણ ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવતા ડો.ચાવડાએ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ, સિન્ડિકેટ સભ્ય, અધર ધેન ડીન રહેવાની સાથે ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં મહત્વનું યોગદાન આપ્યુ હતુ.

## વિદ્યાર્થી, વિદ્યા, શિક્ષકો અને સમાજને પ્રાધાન્ય આપીશું



સરસ્વતીનું ધામ ગણાતા વિશ્વ વિદ્યાલયમાં વિદ્યાર્થી, વિદ્યા, શિક્ષકો અને સમાજને પ્રાધાન્ય આપીશું. વિદ્યાર્થીલક્ષી પ્રવૃતિઓ વધુમાં વધુ થાય એવા પ્રયાસો સાથે વિદ્યાર્થીહિતને સર્વોપરીતા અપાશે. વેપાર-ઉદ્યોગ પછી હવે શિક્ષકો, સમાજના સહકાર સાથે જ શિક્ષણ ક્ષેત્રમાં પણ સુરત રાષ્ટ્રીય ફલક પર છવાય એવા પ્રયાસો કરીશું.
- ડો.કે.એન.ચાવડા (કુલપતિ, દ.ગુ. યુનિવર્સિટી)

રાજસ્થાન પત્રિકા તા. ૧-૫-૨૦૨૧

# डॉ.चावड़ा वीएनएसजीयू के नए कुलपति नियुक्त



**सूरत.** वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय (वीएनएसजीयू) के नए कुलपति के पद पर राज्य शिक्षा विभाग ने डॉ.के.एन. चावड़ा की नियुक्ति की है। राज्य शिक्षा विभाग ने शुक्रवार देर शाम अधिसूचना जारी कर आने वाले तीन सालों के लिए डॉ. चावड़ा को वीएनएसजीयू के कुलपति पद की जिम्मेदारी सौंपी है।

वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय के कुलपति पद से डॉ. शिवेन्द्र गुप्ता की निवृत्ति के बाद डॉ.हेमाली देसाई को कार्यकारी कुलपति का पद भार सौंपा गया था। वे पिछले नौ माह से कार्यकारी कुलपति का पद भार संभाल रही है। पिछले तीन माह से वीएनएसजीयू के नए कुलपति के लिए सर्च कमेटी कार्यरत थी। आखिरकार शुक्रवार देर शाम को डॉ.के.एन. चावड़ा को वीएनएसजीयू के नए कुलपति के पद पर नियुक्त करने की राज्य शिक्षा विभाग ने अधिसूचना जारी की। इसके बाद डॉ.चावड़ा को सोशल साइट पर बधाई देने का सिलसिला शुरू हो गया। डॉ. चावड़ा का पूरा नाम किशोर सिंह नटवर सिंह चावड़ा है। जो 2009 से अमरोली स्थित जे.जेड़ शाह आर्ट्स और एचपी देसाई कॉमर्स कॉलेज के प्राचार्य के रूप में कार्यरत थे। बारडोली के पास मानेकपोर गांव के मूल निवासी डॉ.चावड़ा अमरोली कॉलेज के प्राचार्य के अलावा सीनेट, सिंडिकेट, बोर्ड ऑफ़ यूनिवर्सिटी टीचर्स के साथ ही विश्वविद्यालय के कई कमेटी और बोर्ड के सदस्य भी हैं।

દૈનિક ભાસ્કર તા. ૧૦-૪-૨૦૨૧

# होम्योपैथिक कॉलेज में शुरू होगी एमडी कोर्स की पढ़ाई

## सभी कोर्सेस में छह-छह सीटों पर होंगे एडिमशन

सिटी रिपोर्टर | सूरत

विश्व होम्योपैथिक दिवस के अवसर पर सूरत में पहली बार डॉक्टर ऑफ मेडिसिन की पढ़ाई होम्योपैथिक कॉलेज में शुरू होगा। जिसमें कुल 42 सीटों पर एडमिशन दिया जाएगा। इस कॉलेज के शुरू होने के बाद दक्षिण गुजरात के छात्रों को बाहर जाने की जरूरत नहीं पड़ेगी। यूनिवर्सिटी के होम्योपैथिक फैकल्टी के डीन व सीडी पच्चीगर होम्योपैथिक कॉलेज के प्रिंसिपल डॉ. विपुल शास्त्री के मुताबिक दक्षिण गुजरात के बीएचएमएस की पढ़ाई पूरी करने के बाद एमडी होम्योपैथिक की पढ़ाई करने के लिए छात्रों को अहमदाबाद, वडोदरा, आणंद और महाराष्ट्र जाना पड़ता था। छात्रों को अब बाहर पढ़ाई करने के लिए नहीं जाना पड़े इसलिए अब एमडी कोर्स होम्योपैथिक कॉलेज शुरू कर रहे हैं। जिसमें अभी शुरुआत में 7 कोर्स शुरू किए गए हैं और 1 वर्ष के लिए 6 सीट रखी गई है। इन कोर्स में फीस कितनी होगी वह फीस कमेटी की तरफ से तय की जाएगी। होम्योपैथिक फैकल्टी के सीनेट सदस्य डॉ. कश्यप खरसिया के मुताबिक वडोदरा के जवाहरलाल नेहरू कॉलेज में 24 सीट, वडोदरा के होम्योपैथिक कॉलेज में 18 सीट, आणंद के होम्योपैथी कॉलेज में 18 सीट आणंद के डॉक्टर बीएच दवे में 18 सीट, अहमदाबाद होम्योपैथिक कॉलेज में 18 सीट है। जबकि सूरत के सीडी पच्चीगर एमडी कॉलेज में कुल 42 सीट रहेगी जो कि गुजरात में सबसे ज्यादा है।

દિવ્ય ભાસ્કર તા. ૫-૪-૨૦૨૧

### નર્મદ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ફાયદો થશે

# MBBS વિદ્યાર્થીઓ હવે કોઇ પણ હોસ્પિટલમાં ઇન્ટર્નશિપ કરી શકશે

## ઈન્ટર્નશિપ માટે વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવાશે નહીં

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

યુનિવર્સિટીના એમબીબીએસના વિદ્યાર્થી હવે કોઈ પણ મેડિકલ કોલેજની હોસ્પિટલમાં ઈન્ટર્નશિપ કરી શકશે. આ માટે ફી પણ ભરવી પડશે નહીં. જોકે, ઈન્ટર્નશિપ કરતા પહેલા વિદ્યાર્થીએ યુનિવર્સિટી કે મેડિકલ કોલેજને જાણ કરવાની રહેશે.

યુનિવર્સિટીના મેડિકલ ફેકલ્ટીએ જણાવ્યુ હતું કે, 'વિદ્યાર્થીઓએ જે મેડિકલ કોલેજથી એમબીબીએસનો અભ્યાસ કર્યો છે તે જ કોલેજથી ઈન્ટર્નશિપ કરવાની રહે છે. વિદ્યાર્થીએ દેશની કોઈ પણ મેડિકલ કોલેજની હોસ્પિટલથી ઈન્ટર્નશિપ કરવી હોય તો તેણે રૂ. 1.5 લાખ સુધીની ઊંચી ફી ભરીને કરવી પડતી હોય છે. આમ, કોરોનાની મહામારીમાં ઈન્ટર્નશિપ મામલે એનએમસી એટલે કે નેશનલ મેડિકલ કમિશનને ફરિયાદો મળી હતી. જે પછી એનએમસીએ નોટિફિકેશન જાહેર કર્યું છે. જે મુજબ એમબીબીએસનો વિદ્યાર્થી હવે એનએમસીની રજિસ્ટર્ડ દેશની કોઈ પણ મેડિકલ કોલેજની હોસ્પિટલમાં ઈન્ટર્નશિપ કરી શકશે અને ઈન્ટર્નશિપ માટે અન્ય કોલેજોમાંથી આવેલા વિદ્યાર્થીઓ પાસે ફી લેવાની રહેશે નહીં.

સંદેશ તા. ૧૭-૪-૨૦૨૧

# યુનિવર્સિટી અને કોલેજોમાં NCCને વૈકલ્પિક વિષય તરીકે સામેલ કરાશે

| સુરત |

નવી શિક્ષણનીતિને આધીન દેશભરની યુનિવર્સિટી અને કોલેજોને અભ્યાસક્રમમાં સરળતા, વૈવિધ્યતા લાવવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને હાકલ કરી છે. જેને આધીન યુજીસીએ સ્નાતક અભ્યાસક્રમમાં એનસીસીને આવરી લેતું ૨૪ ક્રેડિટનું માળખું તૈયાર કરી તમામ શૈક્ષણિક સંસ્થાઓને તેનો અમલ કરવાની તાકીદ કરાઈ છે.

સુરત સહિત દક્ષિણ ગુજરાતની કોલેજોમાં હાલની ઘડીએ યુવાનોમાં શિષ્ટ અને કર્તવ્યનિષ્ઠા માટે એનસીસીની પસંદગી કરવાનું ચલણ વધ્યું છે. જોકે, તેમાં હવે સ્નાતક અભ્યાસક્રમમાં એનસીસીને વૈકલ્પિક વિષય તરીકે આવરી લઈને ૨૪ ક્રેડિટનું આખું શૈક્ષણિક માળખું તૈયાર કરાયું છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને તે સંદર્ભે જાહેર કરેલા પરિપત્રમાં જણાવ્યા મુજબ, માર્ચ મહિનામાં એનસીસીના ડાયરેક્ટોરેટ જર્નલ દ્વારા એનસીસીને વૈકલ્પિક વિષય તરીકે પસંદગી કરવા માટેની પ્રપોઝલ રજૂ કરવામાં આવી હતી. જેને ધ્યાનમાં લઈને યુનિવર્સિટી અને કોલેજો ક્રેડિટ કોર્સ તરીકે અમલ કરે એવી તાકીદ છે. હાલમાં દેશની ૧૭ સીબીએસઈ સ્કૂલ અને ૫૫ કોલેજમાં એનસીસીને વૈકલ્પિક વિષય તરીકે ભણાવાઈ રહી છે. એવામાં શૈક્ષણિક માળખા પ્રમાણે સેમેસ્ટર-૧ અને ૨ એટલે કે પ્રથમ વર્ષમાં ૪, બીજા વર્ષમાં ૧૦ અને ત્રીજા વર્ષમાં ૧૦ મળીને કુલ ૨૪ ક્રેડિટનો અભ્યાસક્રમ દાખલ કરી શકાય છે. તેમાં થિયરીના ૮ ક્રેડિટ, પ્રેક્ટિકલના ૬ અને કેમ્પના ૧૦ ક્રેડિટ ધ્યાને લેવાના રહેશે.

દિવ્ય ભાસ્કર તા. ૨૪–૪–૨૦૨૧

**સેવા** | વીએનએસજીયુમાં પીએચડીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીની અનોખી પહેલ

# ગામડાના કોરોનાના દર્દીને સુરતની હોસ્પિટલમાં લઇ જવા માટે વિદ્યાર્થીએ મફત એમ્બ્યુલન્સ સેવા શરૂ કરી

મિલન માંજરાવાલ. સુરત

દક્ષિણ ગુજરાતના કોરોનાના દર્દીઓને નવી સિવિલ કે સુરતની અન્ય ખાનગી હોસ્પિટલમાં લઈ જવા માટે VNSGUના પીએચડીના વિદ્યાર્થીએ મફત એમ્બ્યુલન્સ સેવા શરૂ કરી છે. બીલીમોરાના ભાઠલા ગામના રહેવાસી અને હાલ નર્મદ યુનિવર્સિટીમાં હિન્દી વિષયમાં પીએચડીનો અભ્યાસ કરતા સનમ પટેલે આ કામ માટે સ્વખર્ચે એક એમ્બ્યુલન્સ ખરીદી છે. જેમાં તેઓ સુરતના આસપાસના ગામડાઓના દર્દીઓને વિનામૂલ્યે




શહેરની હોસ્પિટલમાં પહોંચાડે છે. સનમ પટેલે જણાવ્યું હતું કે, ગામડાના કોરોના દર્દીઓને સુરતની સિવિલ, સ્મીમેર કે પછી ખાનગી હોસ્પિટલોમાં દાખલ કરવાની ફરજ પડે તો ઇમરજન્સીમાં ખાનગી એમ્બ્યુલન્સો ઊંચા ભાડા વસૂલતી હોય છે. જેથી અમારા નવયુગ સાંઇ ચેરિટેબલ ટ્રસ્ટે એમ્બ્યુલન્સ ખરીદી છે. જે ઓક્સિજન સહિતની તમામ સુવિધાઓથી સજ્જ છે. આ એમ્બ્યુલન્સ લઈ જતા લોકો પાસેથી કોઈ પણ ચાર્જ લેવાતો નથી. કોઈની પાલે ડ્રાઈવર ન હોય તો હું પોતે જ એમ્બ્યુલન્સમાં દર્દીને હોસ્પિટલ લઈ જાઉં છું. રોજ આઠથી દસ કોરોનાના દર્દીઓ અમારી એબ્યુલન્સથી સુરતની હોસ્પિટલોમાં જઈ રહ્યા છે.

## ઓક્સિજનના 50 બાટલા પણ લીધા છે

“કોરોનાની સ્થિતિને જોતા 50 ઓક્સિજનના બાટલા પણ ખરીદી લીધા છે. જેથી આસપાસના કોઈ પણ ગામડાને ઓક્સિજનની જરૂર પડે તો અમે એ પહોંચાડી શકીએ. કોરોનાના દર્દીઓને સારી રીતે સારવાર મળી રહે તે માટે 50 બેડની કોવિડ કેર સેન્ટર પણ અમે શરૂ કરીશું. તેના માટે મંજૂરીની કામગીરી હાલ ચાલી રહી છે. એ સાથે જ કોરોના કાળમાં અનાથ થયેલા બાળકોને અમે ભણાવીશું. હાલ અમે 10 બાળકોને ભણાવી રહ્યા છીએ. »સનમ પટેલ, વિદ્યાર્થી

ગુજરાત ગાર્ડિયન તા. ૩–૪–૨૦૨૧

# નર્મદ યુનિ.માં આજથી Ph.Dના વિદ્યાર્થીઓને રિસર્ચ પ્રપોઝલ તૈયાર કરવા માર્ગદર્શન અપાશે

**સુરત, તા.૨**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પીએચ.ડીની પ્રવેશ પરીક્ષામાં પાસ થયેલા ઉપરાંત નેટ,સેટ, જે.આર.એફ. સહિતની પરીક્ષામાં સફળ થયા હોય તેવા વિદ્યાર્થીઓને આર.એ.સી. કમિટી સમક્ષ રિસર્ચ પ્રપોઝલનું પ્રેઝન્ટેશન કઇ રીતે કરી શકાય તે માટેની તાલીમ આપવા માટે ૩થી ૫ એપ્રિલ દરમિયાન ખાસ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને રિસર્ચ ફોર રિસર્જન્સ ફાઉન્ડેશન (આરએફઆરએફ) સંયુક્ત રીતે ૩થી ૫ એપ્રિલ દરમિયાન ત્રી-દિવસીય વર્ચુઅલ ‘યંગ રિસચર્સ મીટ ફોર રિસર્જન્સ એન્ડ ઇનોવેશન’નું આયોજન કરવામાં આવ્યું છે. ભારતીય શિક્ષણ મંડળના નેજા હેઠળ કાર્યરત ‘આરએફઆર ફાઉન્ડેશન’ની પરીકલ્પના મુજબ તમામ ક્ષેત્રોમાં વૈજ્ઞાનિક, તકનીકી અને શૈક્ષણિક સંશોધન ક્ષેત્રોનાં સંશોધન માટેનીં પ્રેરણા આપશે. ફાઉન્ડેશનનો પરિણામલક્ષી અભિગમ, સંતુલિત હ્યુમન-ઈકોસિસ્ટમ માટે કાર્યરત છે. ‘વસુંધૈવ કુટુંબકમ’ના ભારતીય મુલ્યને ધ્યાનમાં રાખીને ફાઉન્ડેશન આંતરરાષ્ટ્રીય સમુદાયને સેવા આપવા માંગતી હોવાથી યુનિવર્સિટી સાથે એમ.ઓ.યુ પણ કરવામાં આવ્યું છે. ત્રણ દિવસના વર્કશોપમાં સંશોધકને પ્રપોઝલ કેઈ રીતે તેયાર કરવી તેનું માર્ગદર્શન આપવામાં આવશે. સાથોસાથ સંશોધન ઉપયોગી થનાર પાયાની બાબતો તથા વિષય પસંદગીના વ્યાપ બાબતે માર્ગદર્શન અપાશે.

વિદ્યાર્થીઓને એસ.એમ.એસ. તથા ઇ-મેલ દ્વારા રજિસ્ટ્રેશન કરવા માટેની લિંક મોકલવામાં આવી છે. આ વર્કશોપ ઓનલાઇન મોડનો ઉપયોગ કરવામાં આવશે. પીએચ.ડીની પ્રવેશ પરીક્ષા પાસ કરી હોય અથવા નેટ/સ્લેટ/એમ.ફિલ હોવાના કારણે પીએચ.ડીની પ્રવેશ પ્રક્રિયાનું પ્રથમ ચરણ પાસ કરેલ છે અને ટૂંક સમયમાં પ્રવેશ પ્રક્રિયાના દ્વિતીય ચરણના ભાગ રૂપે આર.એ.સી. કમિટી સમક્ષ રિસર્ચ પ્રપોઝલનું પ્રેઝન્ટેશન કરનાર વિદ્યાર્થીઓને વિશેષ તાલીમ આપવામાં આવશે.

ગુજરાતમિત્ર તા. ૨–૪–૨૦૨૧

# નર્મદ યુનિ.અને રિસર્ચ ફોર રિસર્જન્સ ફાઉન્ડેશન તરફથી ત્રિદિવસીય વર્ચ્યુઅલ મીટ યોજાશે

**મીટના** રજિસ્ટ્રેશન માટે વિદ્યાર્થીઓને ઇ-મેઇલ અને એસએમએસ કરવામાં આવ્યા

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને રિસર્ચ ફોર રિસર્જન્સ ફાઉન્ડેશન (આરએફઆરએફ)ના સંયુક્ત ઉપક્રમે તારીખ 3 થી 5 એપ્રિલ દરમિયાન ત્રી-દિવસીય વર્ચ્યુઅલ યંગ રિસર્ચર્સ મીટ ફોર રિસર્જન્સ એન્ડ ઇનોવેશનનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ચ્યુઅલ મીટનું આયોજન ભવિષ્યના પીએચ.ડી.વિદ્યાર્થીઓને મદદ કરવા માટે કરવામાં આવતું હોય છે. ભારતીય શિક્ષણ મંડળ (સ્વૈચ્છિક સંગઠન)ના નેજા હેઠળ કાર્યરત ‘આરએફઆર ફાઉન્ડેશન’ની પરીકલ્પના મુજબ તમામ ક્ષેત્રોમાં વૈજ્ઞાનિક, ટેકનોલોજિકલ અને શૈક્ષણિક સંશોધન ક્ષેત્રોની શોધખોળ કરવા માટે પ્રેરણા આપશે. આ ફાઉન્ડેશન સાચા સંશોધનકારો, શિક્ષણવિદો અને નીતિ નિર્માતાઓની આકાંક્ષાઓથી અસ્તિત્વમાં આવેલું છે. ફાઉન્ડેશન પરિણામલક્ષી અભિગમ, સંતુલિત હ્યુમન-ઇકોસિસ્ટમ માટે કાર્યરત છે. “વસુંધૈવ કુટુંબકમ” ના ભારતીય મુલ્યને ધ્યાનમાં રાખીને ફાઉન્ડેશન આંતરરાષ્ટ્રીય સમુદાયને સેવા આપવા ઇચ્છે છે.



આ વર્કશોપમાં સંશોધકને પ્રપોઝલ કઇ રીતે તૈયાર કરવી તેનું માર્ગદર્શન આપવામાં આવશે. સાથોસાથ સંશોધન ઉપયોગી થનાર પાયાની બાબતો તથા વિષય પસંદગીના વ્યાપ બાબતે પણ માર્ગદર્શન અપાશે. આ મીટમાં જોડાવા માટે વિદ્યાર્થીઓને એસ.એમ.એસ. તથા ઇ-મેલ દ્વારા રજિસ્ટ્રેશન કરવા માટેની લિંક મોકલવામાં આવેલી છે. આ સત્ર એવા વિદ્યાર્થીઓ માટે છે જેમણે પી.એચ.ડી ની પ્રવેશ પરીક્ષા પાસ કરીને અથવા નેટ/સ્લેટ/એમ.ફિલ હોવાના કારણે પી.એચ.ડી ની પ્રવેશ પ્રક્રિયા નું પ્રથમ ચરણ પાસ કરી લીધું છેઅને ટૂંક સમય માં પ્રવેશ પ્રક્રિયા ના દ્વિતીય ચરણ ના ભાગ રૂપે આર.એ.સી કમિટી સમક્ષ પ્રપોઝલ નું પ્રેઝન્ટેશન કરવાના છે.

**સંદેશ તા. ૭–૪–૨૦૨૧**

### વિષય પસંદગી, પ્રપોઝલ જેવા વિદ્યાર્થીને મૂંઝવતા પ્રશ્નો પર માર્ગદર્શન

# પીએચ.ડી.માં પ્રવેશવાંછુ વિદ્યાર્થીઓ માટે યુનિ.માં વર્ચ્યુઅલ મીટ યોજાઈ

## પીએચ.ડી. માટે લાયક ઠરેલા ૯૧૯ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા

। સુરત ।

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને રિસર્ચ ફોર રિસર્જન્સ ફાઉન્ડેશનના સંયુક્ત પ્રયાસે ૩થી ૫ એપ્રિલ દરમિયાન 'યંગ રિસર્ચર્સ મીટ ફોર રિસર્જન્સ એન્ડ ઈનોવેશન' વર્ચ્યુલ મીટનું આયોજન કરાયું હતું. આ મીટમાં યુનિવર્સિટી સંલગ્ન વિવિધ વિદ્યાશાખામાં પીએચ.ડી.ની પદવી માટે એલિજિબલ થયેલા કુલ ૯૧૯ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. તેમને વિષય પસંદગી કઈ રીતે કરવી, પ્રપોઝલ તૈયાર કરતા પહેલા કેવી તૈયારી કરીને વિષયની પસંદગી કરવી, સંશોધનની પેટન્ટ નોંધાવવાની રીત, વિવિધ સંશોધન પદ્ધતિઓ જેવી બાબતોમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વર્ચ્યુઅલ મીટના આરંભે કાર્યકારી કુલપતિ ડો. હેમાલી દેસાઈએ યુવાન સંશોધકોને સમાજને ઉપયોગી થાય, પોતાની કારકિર્દીને ઉજ્જવળ કરે અને સર્વાંગી રીતે દેશ-દુનિયાને પોતાના સંશોધન દ્વારા સર્વાંગી ઉત્કર્ષ સાધવાની દિશા ચીંધવા સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્ય મહેમાન તરીકે ડો. બાબાસાહેબ આંબેડકર મરાઠાવાડા યુનિવર્સિટી પૂર્વ કુલપતિ



અને હાલમાં ભારતીય શિક્ષણ મંડળના અનુસંધાન પ્રકલ્પના પ્રેસિડન્ટ પ્રો. બી.એ.ચાપડે હાજર રહ્યા હતા. તેઓએ ભારતની પાંચ હજાર વર્ષ જૂની પરંપરામાંથી પ્રેરણા અને આધુનિક સાયન્સ-ટેક્નોલોજીની સહાયથી જો રિસર્ચ કરવામાં આવે તો ભારત ફરીથી વિશ્વગુરુ બનવા તરફ આગળ વધે છે એવા વિચારો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ત્રણ દિવસની વર્ચ્યુઅલ મીટમાં વિવિધ યુનિવર્સિટીના કુલપતિ, વિવિધ વિદ્યાશાખાના વિદ્વાન અને નીવડેલા સંશોધકો એવા ૨૩ વક્તાઓએ વિવિધ બાબતો પર વ્યાખ્યાન આપ્યા હતા. મીટના પ્રમુખ કો-ઓર્ડિનેટર તરીકે ડો. રાજેશ પટેલ અને ડો. પ્રવીણ દુધાગરા, જિતેન્દ્ર પરમારે આયોજન કર્યું હતું.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
Assistant Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Published by: Arvind V. Dhaduk**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in